# નવેમ્બર ૨૦૧૪

# Most IMP Current Affairs









SAARC

Australia 2014






Crack GPSC

www.crackgpsc.com

કરંટ શતક
Most Imp કરન્ટ અફેર્સ ગુજરાતીમાં...
તમામ પ્રશ્નો જવાબ સહિત
Crack GPSC

# નવેમ્બર ૨૦૧૪

## We are famous for…

**The Most IMP,**

**Authentic,**

**To the point,**

**Up to date**

## Material

www.crackgpsc.com

Useful For….
UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams

www.crackgpsc.com

# Most Imp Current Affairs – November 2014

## ➢ 1st week

- દાર્જિલિંગના પ્રાણી સંગ્રહાલય પદ્માજા નાયડુ હિમાલય જૈવિક ઉદ્યાનને પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ 'ધ અર્થ હીરોઝ એવોર્ડ 2014' માટે પસંદ કરવામાં આવ્યું. આ એવોર્ડ મેળવનાર તે ભારતનું પ્રથમ પ્રાણી સંગ્રહાલય છે. તે ભારતનું સૌથી વધુ ઉંચાઈએ આવેલું પ્રાણી સંગ્રહાલય છે. તે પ. બંગાળમાં છે.
- સાર્વજનિક ક્ષેત્રની કંપની ONGC આ વર્ષની પ્લેટસ ગ્લોબલ 250 રેન્કિંગમાં રિલાયન્સને પછાડીને સૌથી ઊંચો રેન્ક મેળવનાર ભારતીય ઊર્જા કંપની બની. આ રેન્કિંગમાં ONGC 21મા સ્થાને રહી. રેન્કિંગમાં અગ્ર ક્રમે એક્સાન મોબિલ કોર્પ, શેવરોન અને રોયલ ડચ શેલ છે.
- IMF અનુસાર Purchasing Power Parity (PPP) ના આધારે અમેરિકાને પછાડીને ચીન વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા. ભારત ત્રીજા ક્રમે. વૈશ્વિક અર્થવ્યવસ્થામાં ભારતનું યોગદાન 6.7% છે. હાલના અનુમાન મુજબ ચીનની અર્થવ્યવસ્થા 2019 સુધી અમેરિકાની તુલનામાં બેગણી થઇ જશે.
- અરવિંદ માયારામને લઘુમતી મંત્રાલયના સચિવ નિયુક્ત કરવામાં આવ્યા. તેમને કેન્દ્રીય પર્યટન સચિવનું પદ આપવામાં આવ્યું હતું, પરંતુ કેન્દ્રીય મંત્રીમંડળની નિયુક્તિ સમિતિ દ્વારા તેમની નિમણુક આ પદ પરથી રદ કરીને તેમને લઘુમતી મંત્રાલયના સચિવ નીમવામા આવ્યા.
- ભારત માટે ઓલિમ્પિકમાં વ્યક્તિગત સુવર્ણચંદ્રક જીતનાર એકમાત્ર ખેલાડી અભિનવ બિન્દ્રાને ઇન્ટરનેશનલ શુટિંગ સ્પોર્ટ્સ ફેડરેશન (ISSF) એથલીટ સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા. તેઓ આ સન્માન મેળવનાર પ્રથમ ભારતીય છે. તેઓ 10 મીટર એર રાયફલ સ્પર્ધામાં ભારતના પ્રમુખ નિશાનેબાજ છે. ઓલિમ્પિકમાં અભિનવ બિન્દ્રાએ ભારતને પ્રથમ એકલ સુવર્ણચંદ્રક અપાવ્યો હતો. એમબીએ થયેલ અભિનવ ફ્યુચરિસ્ટિક કંપનીના સીઈઓ છે.
- સ્વીડન સત્તાવાર રીતે પેલેસ્ટાઇનને રાજ્યનો દરજ્જો આપનાર પ્રથમ યુરોપિયન સંઘીય દેશ બન્યો.

www.crackgpsc.com

- ભારતે સંયુક્ત રાષ્ટ્રના એ મુસદ્દા પ્રસ્તાવની જોગવાઈઓ વિરુદ્ધ મત આપ્યો જેમાં ભારત સહિત એ તમામ દેશો જે પરમાણુ અપ્રસાર સંધિ (એનપીટી)માં સામેલ નથી, ને તેમના ગેર પરમાણુ હથિયાર દેશ બનાવવાની વાત છે.
- ચેતન ભગત દ્વારા લેખિત નવલકથા 'હાફ ગર્લફ્રેન્ડ'નું અનાવરણ કરવામાં આવ્યું. આ નવલકથા વર્તમાન વિશ્વમાં સંબંધોના નવા અને અલગ સ્વરૂપો વિષે માહિતી આપે છે. તેમની અન્ય પ્રમુખ કૃતિઓમાં ફાઈવ પોઈન્ટ સમવન, વન નાઈટ એટ કોલ સેન્ટર, 2 સ્ટેટ્સ, 3 મિસ્ટેક્સ ઓફ માય લાઈફ અને રીવોલ્યુશન 2020 સામેલ છે.
- ગુજરાત રાજ્યના નવા મુખ્ય સચિવ તરીકે UPSC 1981 બેચના IAS અધિકારી ડી જે પાંડિયનની નિમણુક કરવામાં આવી. પાંડિયન ગુજરાતના 26મા મુખ્ય સચિવ છે.
- યુનિયન કાર્બાઈડ કોર્પોરેશનના પૂર્વ અધ્યક્ષ વોરેન એમ એંડરસનનું અવસાન થયું. તેમને વર્ષ 1984ની ભોપાલ ગેસ દુર્ઘટના માટે દોષી ઠરાવેલ હતા. તેઓ 1984માં યુનિયન કાર્બાઈડ કોર્પોરેશનના અધ્યક્ષ અને CEO હતા. ભોપાલ ગેસ દુર્ઘટના એક મશીનમાં મિથાઈલ આઈસોસાઈનેટ અને અન્ય રસાયણોના લીકેજના પરિણામ સ્વરૂપે સર્જાઈ હતી.
- બુર્કિના ફાસોના રાષ્ટ્રપતિ બ્લેઝ કોમ્પાઓરે રાજીનામુ આપવાની ઘોષણા કરી. પોતાના 27 વર્ષના કાર્યકાળને વધારવા માટે બંધારણમાં સંશોધન કરવાનો તેમનો પ્રયત્ન વર્ષ 2014માં બુર્કિના વિદ્રોહનું કારણ બન્યો. જનતાના હિંસક વિરોધ બાદ બ્લેઝે રાજીનામાની ઘોષણા કરી. તેઓ 27 વર્ષથી દેશના રાષ્ટ્રપતિ હતા.
- બોલીવુડ અભિનેતા સદાશિવ અમરાપુરકરનું અવસાન. તેમને બે વાર ફિલ્મફેર પુરસ્કાર મળ્યો હતો. તેઓ અર્ધસત્ય, તેરી મહેરબાનિયા, હુકુમત, આખિરી રાસ્તા, ખતરો કે ખિલાડી, સડક, આંખે, દુશ્મન, હમ સાથ સાથ હૈ, કુલી નં. 1, અને ઈશ્ક જેવી ઘણી ફિલ્મોમાં કામ કરી ચુક્યા હતા. તેમણે લગભગ 250થી વધુ ફિલ્મોમાં કામ કર્યું. તેમની આખરી ફિલ્મ વર્ષ 2012માં આવેલ બોમ્બે ટોકીઝ હતી.
- મધ્ય ક્ષેત્ર એ દિલ્હીના ફિરોઝ શાહ કોટલા મેદાન પર રમાયેલ ફાઈનલમાં દક્ષિણ ક્ષેત્રને હરાવીને ક્રિકેટનો વર્ષ 2014-15ની દિલીપ ટ્રોફીનો ખિતાબ જીત્યો. મધ્ય ક્ષેત્ર પાંચમી વાર ચેમ્પિયન બન્યું. આ સ્પર્ધા સૌથી વધુ 17 વખત ઉત્તર ક્ષેત્ર જીત્યું છે.




www.crackgpsc.com

- નોવાક જોકોવિચે કેનેડાના મિલાસ રાઓનિકને ફાઈનલમાં હરાવીને પોતાની 600મી જીત સાથે પેરીસ માસ્ટર્સ ટેનિસ ટુર્નામેન્ટ 2014નો ખિતાબ જીત્યો. નોવાકે અત્યાર સુધી કુલ 7 ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ જીતી છે, અને 100થી વધુ સપ્તાહો સુધી વિશ્વમાં પ્રથમ સ્થાને રહ્યા છે.
- 2G સ્પેક્ટ્રમ ઘોટાળા મામલે દિલ્હીની વિશેષ સીબીઆઈ અદાલતે પૂર્વ દુરસંચાર મંત્રી એ. રાજા, દ્રવિડ મુન્નેત્ર કડગમ (DMK) સાંસદ કનીમોઝી, DMK પ્રમુખ કરુણાનિધિના પત્ની દયાલુ અમ્મલ, સ્વાન ટેલીકોમના પ્રમોટર શાહિદ બલવા અને વિનોદ ગોયનકા સહિત 19 લોકો પર આરોપ નક્કી કર્યા.
- સુરેશ રૈના એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 5000 રન પુરા કરનાર ભારતના 11મા બેટ્સમેન બની ગયા. રૈનાએ 200મી વન ડે મેચની 172મી ઇનિંગ્સમાં 5000 રન પુરા કર્યા. જો કે 5000 રન પુરા કરવા માટે રૈના સૌથી વધુ દાવ રમ્યા. સૌથી ઓછા દાવમાં 5000 રન પુરા કરવાનો રેકોર્ડ વિરાટ કોહલી (114 ઇનિંગ્સ)ના નામે છે.
- કોકા કોલા આંતરરાષ્ટ્રીય પ્રિમીઅર ટેનિસ લીગની મુખ્ય પ્રાયોજક કંપની બની. આઈપીટીએલનું પ્રથમ ચરણ 28 નવેમ્બરથી 13 ડીસેમ્બર વચ્ચે એશિયાનાં ચાર શહેરોની યજમાનીમાં રમવામાં આવશે.
- રેવન્યુ પરિષદના અધ્યક્ષ અને પૂર્વ IAS અધિકારી જાવેદ ઉસ્માનીને ઉત્તરપ્રદેશ રાજ્યના મુખ્ય સુચના આયુક્ત નિમવામાં આવ્યા.
- અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટરને 9/11ના આતંકવાદી હુમલાના 13 વર્ષ બાદ વ્યવસાય માટે ફરીથી ખુલ્લું મુકવામાં આવ્યું. જો કે વર્લ્ડ ટ્રેડ સેન્ટરની બે ઈમારતોનું સ્થાન હવે નવી ઇમારતે લઇ લીધું. આ ઈમારતને 'વન વર્લ્ડ ટ્રેડ સેન્ટર' નામ આપવામાં આવ્યું. આ ઈમારતના વાસ્તુવિદ ટી જે ગોટ્ટાડાઇનર છે. આ ઈમારત અમેરિકાની સૌથી ઉંચી ઈમારત છે.
- લુઇસ હેમિલ્ટને પોતાના સાથી ડ્રાઈવર નીકો રોઝબર્ગને હરાવીને આસ્ટિન (અમેરિકા)માં આયોજિત અમેરિકન ગ્રાં. પ્રી. ફોર્મ્યુલા 1 ખિતાબ જીત્યો.
- ભારત અને શ્રીલંકાના વિશેષ દળોએ સંયુક્ત સૈન્ય અભ્યાસ 'મિત્ર શક્તિ'ની શરૂઆત કરી.
- વાઘા બોર્ડર પર આત્મઘાતી આતંકવાદીએ પોતાને એક શક્તિશાળી બોમ વિસ્ફોટમાં ઉડાડી દીધો. તે વિસ્ફોટમાં 11 મહિલા, ત્રણ સુરક્ષા કર્મી સહિત ઓછામાં ઓછા 61 લોકોનું મૃત્યુ થયું અને 200થી વધુ ઘાયલ થયા.
- ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની જાપાનના સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર, 'ધ ગ્રાન્ડ કોર્ડન ઓફ ધ ઓર્ડર ઓફ પોલોવ્નિયા ફ્લાવર્સ 2014' માટે પસંદગી કરવામાં આવી. તેઓ આ સન્માન પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય છે. તેમને આ પુરસ્કાર લગભગ 35 વર્ષો સુધી ભારત

www.crackgpsc.com

અને જાપાન વચ્ચે મૈત્રીપૂર્ણ સંબધો સ્થાપિત કરવા અને તેને પ્રોત્સાહન આપવા માટેના તેમના યોગદાન માટે આપવામાં આવનાર છે.

- આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC)ની ટેસ્ટ રેન્કિંગની યાદીમાં દક્ષિણ આફ્રિકા પ્રથમ સ્થાને.
- ઈરાકના અનબરમાં ISIS ગ્રુપના આતંકવાદીઓએ ઈરાકના અલ બુ નીમર જનજાતિના 322 લોકોની હત્યા કરી દીધી.
- લોકસભામાં મલ્લિકાર્જુન ખડગેને ત્રણ સદસ્યીય CIC પસંદગી સમિતિમાં સામેલ કરવામાં આવ્યા. આ સમિતિનું મુખ્ય કાર્ય મુખ્ય માહિતી કમિશનરની (CIC) પસંદગી કરવાનું છે. સમિતિના અન્ય બે સભ્યો વડાપ્રધાન નરેન્દ્ર મોદી (અધ્યક્ષ) અને નાણામંત્રી અરુણ જેટલી છે. માહિતી અધિકાર (RTI) અધિનિયમ, 2005 અનુસાર CICની પસંદગી ત્રણ સભ્યોવાળી પેનલ દ્વારા કરવામાં આવે છે.




- હોકી ઇન્ડીયાના અધ્યક્ષ નરીન્દ્ર બત્રા આંતરરાષ્ટ્રીય હોકી મહાસંઘ (FIH) કાર્યકારી બોર્ડના સભ્ય તરીકે પસંદગી પામ્યા.
- ભારતીય ભાષાઓમાં ઈન્ટરનેટના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે ગુગલે મીડિયા અને ટેકનીકલ કંપનીઓ તથા સરકારના સહયોગથી ઇન્ડિયન લેંગ્વેજ ઈન્ટરનેટ એસોસીએશન (ILIA) બનાવવાની ઘોષણા કરી.
- માઈક્રોસોફ્ટના ફાઉન્ડર બીલ ગેટ્સે વિકાસશીલ દેશોમાં મેલેરિયા અને અન્ય ચેપી રોગોને રોકવા માટે લગભગ 3073 કરોડ રૂપિયા દાન કરવાની ઘોષણા કરી.
- ભારતીય નૌકાદળે પ્રાચીન રાજા રાજેન્દ્ર ચોલના રાજ્યાભિષેકની 1000મી વર્ષગાંઠ મનાવવાની ઘોષણા કરી. રાજેન્દ્રની સીમા બર્મા, અંદામાન અને નિકોબાર દ્વીપસમૂહ, લક્ષ્યદ્વીપ, માલદીવ સુધી હતી. તેમણે બંગાળ અને બિહારના પાલ રાજા મહિપાલને હરાવ્યો હતો અને પોતાની જીતની યાદમાં તેમણે એક નવી રાજધાની ગંગાઈકોન્ડા ચોલપુરમની સ્થાપના કરી હતી.
- ફ્લીપકાર્ટે સુરક્ષિત ઈલેક્ટ્રોનિક લેવડ દેવડ અને વધુ સારી પેમેન્ટ ફેસીલીટી ઉપલબ્ધ કરવવાના હેતુથી અમેરિકન કંપની યુરોનેટ સાથે કરાર કર્યો. ફ્લીપકાર્ટ ભારતની ઈ-કોમર્સ કંપની છે. તેની સ્થાપના વર્ષ 2007માં સચિન બંસલ અને બીની બંસલે કરી હતી.

www.crackgpsc.com

- રાજ્યવર્ધન સિંહ રાઠોરના પુત્ર માનવાદિત્ય રાઠોરે ચોથી એશિયન શોટગન ચેમ્પિયનશિપની જુનિયર ટ્રેપ સ્પર્ધામાં સુવર્ણચંદ્રક જીત્યો.
- આંતરરાષ્ટ્રીય હોકી મહાસંઘે હોકીના વિકાસની દિશામાં પ્રતિબદ્ધતા માટે હોકી ઇન્ડીયાના અધ્યક્ષ નરિંદર બત્રાને પ્રતિષ્ઠિત પ્રેસિડેન્ટ પુરસ્કારથી સમ્માનિત કર્યા.
- પ્રણવ મુખરજીએ દિલ્હી વિધાનસભા ભંગ કરવાની ભલામણ મંજુર કરી.
- અમેરિકા 'વાઇબ્રન્ટ ગુજરાત વૈશ્વિક નિવેશક શિખર સંમેલન 2015'નું સહયોગી બન્યું. વાઇબ્રન્ટ ગુજરાત સમારોહમાં ભાગ લેનાર અમેરિકા આઠમો દેશ બની ગયો. અન્ય દેશોમાં બ્રિટન, નેધરલેન્ડ, કેનેડા, ઓસ્ટ્રેલિયા, સિંગાપુર, દક્ષિણ આફ્રિકા અને જાપાન સામેલ છે.
- કર્નાટકના હમ્પીમાં તલવારઘટ્ટાની ટેકરી નજીક એક ગોળ પથ્થર પર હડપ્પા (સિંધુ) યુગની લગભગ 20 ચિત્રલિપિની શોધ કરવામાં આવી. આ ચિત્રલિપિ ગોંડી ભાષામાં છે.
- કેન્દ્ર સરકારે ગુજરાત કેડરના IAS અધિકારી હસમુખ અઢિયાને કેન્દ્રીય નાણા મંત્રાલયના નાણાકીય સેવા વિભાગના નવા સચિવ બનાવ્યા. તેઓ ગુજરાત સરકારના નાણા વિભાગમાં અધિક મુખ્ય સચિવ હતા.
- સેવાનિવૃત ન્યાયમૂર્તિ એ પી શાહની અધ્યક્ષતામાં કાયદા આયોગે વધુ 73 જુના કાયદાઓને નાબુદ કરવાની ભલામણ કરી. આ રીતે હવે આ પ્રકારના કાયદાઓની સંખ્યા વધીને 258 થઇ ગઈ છે.
- આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે ભારતના બોલર ભુવનેશ્વર કુમારને વર્ષ 2014ના ICC પીપલ્સ ચોઈસ એવોર્ડના વિજેતા જાહેર કર્યા. સચિન તેંદુલકર, શ્રીલંકાના કુમાર સંગાકારા અને મહેન્દ્ર સિંહ ધોની બાદ ભુવનેશ્વર આ પુરસ્કાર જીતનાર ચોથા ક્રિકેટર છે.
- સચિન તેંદુલકરની આત્મકથા 'પ્લેઈંગ ઈટ માય વે' નું મુંબઈ માં વિમોચન કરવામાં આવ્યું.
- ભારતીય રેવેન્યુ સેવા (IRS)નાં અધિકારી અનીતા કપૂરને કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડ (CBDT)ના અધ્યક્ષ બનાવવામાં આવ્યાં. અનીતા કપૂરે કે વી ચૌધરીનું સ્થાન લીધું.
- હવામાનમાં થતા ફેરફારને નિયંત્રિત કરવા સંબંધિત રાષ્ટ્રીય સ્તરીય કાર્યોમાં સુમેળ લાવવા માટે ભારત સરકારે જળવાયુ પરિવર્તન પર વડાપ્રધાનની પરિષદની પુનઃરચના કરી. વડાપ્રધાનની અધ્યક્ષતા વાળી આ સમિતિમાં આર કે પચોરીનું સ્થાન યથાવત છે. 18 સભ્યોવાળી આ સમિતિમાં કુલ આંઠ મંત્રી હશે.
- HDFC એકઆઈઆઈ દ્વારા 75% ભાગીદારી પ્રાપ્ત કરનારી પ્રથમ સૂચિબદ્ધ ભારતીય કંપની બની.
- ભારતીય મૂળનાં અમેરિકન નિક્કી હેલી બીજી વાર સાઉથ કૈરોલિનાનાં ગવર્નર બન્યાં. તેમણે ડેમોક્રેટિક પ્રતિદ્વંદ્વી વિન્સેન્ટ શેહીનને હરાવ્યાં. લુઈસિયાના ગવર્નર બોબી જિન્દાલ બાદ હેલી અમેરિકામાં બીજા ભારતીય અમેરિકન ગવર્નર છે. તેઓ સાઉથ કૈરોલિનાનાં પ્રથમ મહિલા

www.crackgpsc.com

અને અલ્પસંખ્યક ગવર્નર બન્યાં હતાં. તેઓ હાલમાં અમેરિકાનાં સૌથી નાની વયનાં (42 વર્ષના) ગવર્નર છે.

- ફોર્બ્સની યાદીમાં નરેન્દ્ર મોદી દુનિયાના સૌથી પ્રભાવશાળી મહાનુભાવોમાં 15મા સ્થાને છે. તેમાં પ્રથમ સ્થાને વ્લામીદીર પુતિન (રશિયા), બીજા સ્થાને બરાક ઓબામા (અમેરિકા) અને ત્રીજા સ્થાને શિ જીનપીંગ (ચીન) છે. મુકેશ અંબાની 36મા, લક્ષ્મી મિત્તલ 57મા તથા માઈક્રોસોફ્ટના સીઈઓ સત્ય નાડેલા 64મા સ્થાને છે.
- અમેરિકાની રીપબ્લીકન પાર્ટીએ વર્ષ 2014ની અમેરિકાની વચગાળાની ચૂંટણીમાં ડેમોક્રેટ પર જીત મેળવીને સિનેટનું નિયંત્રણ જીત્યું.
- યુનિવર્સીટી ઓફ ટેક્સાસના વૈજ્ઞાનિકોએ શ્વાસ દ્વારા લેવામાં આવનાર દુનિયાની પ્રથમ રસીનું પશુઓ પર સફળ પરીક્ષણ કર્યું.
- ભારતીય નૌસેનાનું એક ટોરપીડો રીકવરી જહાજ ટીઆરવી-72 નૌસૈનિક અભ્યાસ દ્વારા વિશાખાપટ્ટનમના સમુદ્રતટ પાસે ડૂબી ગયું.
- ઇટાલીનાં મહિલા ભૌતિકશાસ્ત્રી ડૉ. ફાબિયોલા ગિયનોત્તી સર્ન (In French "Conseil Europen pour la Recherche Nucléaire", or European Council for Nuclear Research, सीईआरएन) પાર્ટીકલ ફિઝીક્સ રીસર્ચ સેન્ટરનાં પ્રથમ મહિલા મહાનિદેશક બન્યાં. તેઓએ વર્ષ 2012માં સર્ન દ્વારા હિગ્ગ્સ બોસન પાર્ટીકલની શોધમાં મહત્વની ભૂમિકા ભજવી.
- ચીનની પર્સનલ કોમ્પ્યુટર નિર્માતા કંપની લેનોવોએ ગુગલ પાસેથી મોટોરોલાનું ટેક ઓવર પૂર્ણ કર્યું.
- ભારત રશિયા આંતર સરકારી આયોગનું વીસમું સત્ર નવી દિલ્હીમાં યોજવામાં આવ્યું. તેની સહ અધ્યક્ષતા વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ અને રશિયાના નાયબ વડાપ્રધાન દમિત્રી રોગોજીને કરી. આ આયોગનું આગામી સત્ર 2015માં મોસ્કોમાં યોજવામાં આવશે.
- ચીનની ઈ-કોમર્સની કંપની અલીબાબા ગ્રુપ સમર્થિત ક્વેકસીએ બેંગલુરૂની મોબાઈલ એપ્લીકેશન સ્ટાર્ટઅપ ડેક્સ્ટ્રાને ખરીદવાની જાહેરાત કરી.
- ચીને સ્વદેશી લેઝર રક્ષા હથિયાર સિસ્ટમનો વિકાસ કર્યો જે ઓછી ઊંચાઈએ ઉડનાર નાના સ્તરના ડ્રોનને પાડી દેવામાં સક્ષમ છે.
- પૂર્વોત્તર ક્ષેત્ર વિકાસ મંત્રાલયે (પૂર્વોત્તર ક્ષેત્ર વિકાસ વિભાગ-DONER) વર્ષ 2014-15 માટે અરુણાચલ પ્રદેશમાં સડક નિર્માણ યોજનાઓ માટે 90 કરોડ રૂપિયા મંજુર કર્યા.




www.crackgpsc.com

- ભારત અને રશિયા, યુરેશિયાઈ કસ્ટમ સંઘ સાથે મળીને મુક્ત વેપાર ઝોન માટે સંયુક્ત અધ્યયન સમૂહ (JSG)ની રચના માટે સહમત થયા. યુરેશિયાઈ કસ્ટમ સંઘમાં રશિયા, બેલારુસ અને કઝાકિસ્તાન સામેલ છે. યુરેશિયાઈ કસ્ટમ સંઘ 1 જાન્યુઆરી, 2010ના દિવસે અસ્તિત્વમાં આવ્યું હતું.
- ભારતીય મૂળના બ્રિટીશ રાજકારણી કીથ વાજને વર્ષ 2014ના લેબર સાંસદ (લેબર એમપી ઓફ ધ યર) પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા. તેમની પસંદગી દેશના વંચિતો અને અલ્પસંખ્યક વર્ગો માટે ઉલ્લેખનીય કાર્ય કરવા માટે કરવામાં આવી.
- મનોહર પાર્રીકરે કેન્દ્રીય મંત્રીમંડળમાં સામેલ થવાને લીધે ગોવાના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું.
- ભાજપ નેતા લક્ષ્મીકાન્ત પરસેકરે ગોવાના 11મા મુખ્યમંત્રી પદના શપથ લીધા. ગોવાના રાજ્યપાલ મૃદુલા સિંહાએ તેમને શપથ લેવડાવ્યા. પારસેકર પાર્રીકર સરકારમાં સ્વાસ્થ્ય મંત્રી હતા.
- સુઝલોન એનર્જીએ ગુજરાતના કચ્છમાં દુનિયાનું સૌથી ઊંચું હાઈબ્રીડ પવન જનરેટર સ્થાપ્યું. આ ટર્બાઈન 12-15% વધુ ઉર્જા ઉત્પન્ન કરશે. કુલ 120 મીટરની ઊંચાઈ વાળુ આ ટર્બાઈન 40 મીટર ઊંચા ટ્રેડીશનલ ટર્બાઈન ટાવરો કરતા ઘણું ઊંચું છે. આ સાથે કચ્છ ક્ષેત્રની પવન ઉર્જા ક્ષમતા 1100 મેગાવોટ થઇ ગઈ. જે તેને એકજ સ્થાન પર એશિયાના સૌથી મોટા પવન ઉર્જા પાર્કનો દરજ્જો અપાવે છે. આ ટાવર ઓછા પવન વાળા ક્ષેત્રો માટે આદર્શ છે. આગામી ત્રણ વર્ષોમાં આ ક્ષેત્રની પવન ઉર્જા ક્ષમતા 2000 મેગાવોટ થશે.
- વૈજ્ઞાનિકોએ એન્ટીબાયોટીકના વિકલ્પ તરીકે એક એન્ટીબાયોટીક રહિત દવા બનાવી. આ દવાનું નામ સ્ટાફેફેક્ટ છે. આ દવા MRSA (મિથિસિલીન-રોધી સ્ટાફિલોકોક્કસ ઓરિયસ) જેવા એન્ટીબાયોટીક વિરોધી સુપરબગ્સનો સામનો કરવામાં મદદ કરશે. ટ્રેડીશનલ એન્ટીબાયોટીક દવાને અસર થવા માટે કોશિકાઓની અંદર જવું જરૂરી હતું. પરંતુ MRSA જેવા કેટલાક બેક્ટેરિયા બેક્ટેરિયાએ અભેદ દીવાલ બનાવી લીધી હતી જેથી દવાની અસર ઓછી થાય.
- ભારત અને ભૂટાને બિહારમાં નાલંદા વિશ્વવિદ્યાલયને ઉત્કૃષ્ટ આંતરરાષ્ટ્રીય કેન્દ્ર તરીકે વિકસાવવા માટે એમઓયુ કરાર કર્યા. પ્રણવ મુખર્જી ભૂટાનની બે દિવસીય યાત્રાએ ગયા હતા. છેલ્લા 26 વર્ષોમાં કોઈ ભારતીય રાષ્ટ્રપતિની આ પ્રથમ ભૂટાન યાત્રા છે.
- સ્પેનની ફૂટબોલ ક્લબ રીયલ મેડ્રીડના ખેલાડી ક્રીષ્ટિયાનો રોનાલ્ડોને યુરોપિયન ગોલ્ડન બુટ પુરસ્કારથી નવાજવામાં આવ્યા. તેમનો આ ત્રીજો ગોલ્ડન બુટ પુરસ્કાર છે.
- જોન્સન એન્ડ જોન્સન લિ.એ બેંગલુરુ સ્થિત જગદાલે ઇન્ડ. લિ. પાસેથી રેડી ટુ ડ્રીંક ઇલેક્ટ્રોલાઈટ બ્રાન્ડ ઓઆરએસએલને ટેક ઓવર કરી.

www.crackgpsc.com

## ➢ 2nd week

- નરેન્દ્ર મોદીએ વારાણસીમાં જયાપુર ગામને સાંસદ આદર્શ ગ્રામ યોજના હેઠળ દત્તક લીધું. વારાણસી નરેન્દ્ર મોદીનું સંસદીય ક્ષેત્ર છે. સાંસદ આદર્શ ગ્રામ યોજના હેઠળ દરેક સાંસદે એક ગામ દત્તક લેવાનું છે અને તે ગામને આદર્શ ગામ રૂપે વિકસાવવાનું છે.
- હેવેલ્સ ઇન્ડિયા લિ. ગ્રુપના અધ્યક્ષ કીમત રાય ગુપ્તાનું નિધન. તેમણે વર્ષ 1971માં હેવેલ્સની સ્થાપના કરી અને બહુરાષ્ટ્રીય કંપની બનાવી જે 51 દેશોમાં ઓપરેટ થાય છે.
- વિરાટ કોહલી એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી 6000 રન બનાવનાર બોલર બની ગયા. તેમણે આ સિદ્ધિ શ્રીલંકા વિરુદ્ધ ત્રીજી વન ડે ઇન્ટરનેશનલ મેચમાં અણનમ ૪૪ રનની ઇનિંગ્સ દરમ્યાન મેળવી. કોહલીએ વેસ્ટ ઇન્ડિઝના પૂર્વ દિગ્ગજ વિવિયન રિચર્ડ્સનો રેકોર્ડ તોડીને 136મી ઇનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી. વિવિયને 141મા દાવમાં 6000 રન પુરા કર્યા હતા. કોહલી પહેલા ભારતમાંથી આ રેકોર્ડ સૌરવ ગાંગુલીના નામે હતો. તેમણે 147દાવમાં આ સિદ્ધિ મેળવી હતી.
- સલગાંવકર એફસીએ પુણે એફસીને હરાવીને ત્રીજી વાર ડુરંડ કપ જીત્યો. આ કપ એશિયાનો સૌથી જુનો અને દુનિયાનો ત્રીજો સૌથી જુનો ફૂટબોલ ટુર્નામેન્ટ છે. તે પ્રથમ વાર 1888માં રમાયો હતો. ટુર્નામેન્ટનું નામ તત્કાલીન સમયના બ્રિટીશ ભારતના વિદેશ સભ્ય, લંડનમાં વિદેશ સચિવ સર મોર્ટીમર ડુરંડના નામ પરથી છે. પહેલો ડુરંડ કપ રોયલ સ્કોટ્સ ફ્યુસિલિયર્સે જીત્યો હતો.
- પ્રણવ મુખરજીએ હિન્દી કવિ કેદારનાથ સિંહને વર્ષ 2013નો જ્ઞાનપીઠ પુરસ્કાર એનાયત કર્યો. ક્રમમાં આ 49મો જ્ઞાનપીઠ પુરસ્કાર છે. કેદારનાથ સિંહ આ પુરસ્કાર મેળવનાર હિન્દીના 10મા રચનાકાર છે. તેમને અજ્ઞેય દ્વારા સંપાદિત 'તીસરા સપ્તક'ના એક સશક્ત કવિ તરીકે ખ્યાતિ મળી હતી.




www.crackgpsc.com

- ભારતીય સેનાએ પરમાણુ ક્ષમતા સંપન્ન મધ્યમ શ્રેણીની 2000 કિમીથી વધુ દુર સુધીની પ્રહાર ક્ષમતા વાળી અગ્નિ 2 મિસાઈલનું ઓરિસ્સાના ઇન્ટીગ્રેટેડ ટેસ્ટ રેંજ (ITR)થી સફળ પરીક્ષણ કર્યું.
- હોકી ઇન્ડિયાએ 'હોકી ઇન્ડિયા વાર્ષિક પુરસ્કાર' આપવાની ઘોષણા કરી. પ્રતિભાશાળી ખેલાડીઓને મહિલા અને પુરુષ વર્ગમાં 25-25 લાખ રૂપિયા ઇનામી રાશી આપવામાં આવશે. વ્યક્તિગત ટ્રોફીનું નામ હોકી ઇન્ડીયાના અધ્યક્ષ નરિંદર બત્રાના પુત્ર ધ્રુવના નામે રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો. ધ્રુવનું તાજેતરમાં જ અવસાન થયું છે.
- ભારતીય પુરુષ હોકી ટીમે વિશ્વ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને હરાવીને ચાર મેચોની ટેસ્ટ શ્રેણી 3-1થી જીતી.
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ નરેન્દ્ર મોદીની સલાહથી કેન્દ્રીય મંત્રીમંડળના સભ્યો સ્વરૂપે 4 કેબિનેટ મંત્રી, 3 રાજ્ય મંત્રી (સ્વતંત્ર ચાર્જ) અને 14 રાજ્ય મંત્રીઓની નિમણુક કરી.

| |
|---|
| **કેબિનેટ મંત્રી** |
| 1. મનોહર પર્રિકર : રક્ષા |
| 2. સુરેશ પ્રભુ : રેલવે |
| 3. જગત પ્રકાશ નડ્ડા : સ્વાસ્થ્ય |
| 4. ચૌધરી બીરેન્દ્રસિંહ : ગ્રામિણ વિકાસ |
| **રાજ્ય મંત્રી (સ્વતંત્ર ચાર્જ)** |
| 1. બંડારુ દત્તાત્રેય : શ્રમ અને રોજગાર |
| 2. રાજીવ પ્રતાપ રુડી : કૌશલ્ય વિકાસ અને એન્ટરપ્રાઈઝ સહ કોમર્સ |
| 3. ડૉ. મહેશ શર્મા : પર્યટન અને સંસ્કૃતિ સહ નાગરિક ઉડ્ડયન |
| **રાજ્ય મંત્રી** |
| 1. મુખ્તાર અબ્બાસ નકવી : લઘુમતી અને સંસદીય બાબતો |
| 2. રામ કૃપાલ યાદવ : પેયજળ અને સ્વચ્છતા |
| 3. હરિભાઈ પાર્થીભાઈ ચૌધરી : ગૃહ |
| 4. સાંવરલાલ જાટ : જળ સંસાધન અને ગંગા પુનરુદ્ધાર |
| 5. મોહનભાઈ કલ્યાણજીભાઈ કુંદરિયા : કૃષિ |
| 6. ગીરીરાજ સિંહ : માઈક્રો, સ્મોલ અને મીડીયમ એન્ટરપ્રાઈઝ |
| 7. હંસરાજ ગંગારામ અહીર : કેમિકલ્સ એન્ડ ફર્ટીલાઈઝર્સ |
| 8. પ્રો. રામ શંકર કથેરીયા : માનવ સંસાધન વિભાગ |

www.crackgpsc.com

| |
|---|
| 9. વાય એસ ચૌધરી : વિજ્ઞાન અને ટેક્નોલોજી |
| 10. જયંત સિંહા : નાણા વિભાગ |
| 11. કર્નલ રાજ્યવર્ધન સિંહ રાઠોર : સુચના અને પ્રસારણ |
| 12. બાબુલ સુપ્રિયા બરાલ : શહેરી વિકાસ, આવાસ અને શહેરી ગરીબી નિવારણ |
| 13. સાધ્વી નિરંજન જ્યોતિ : ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ |
| 14. વિજય સાંપલા : સામાજિક ન્યાય અને સશક્તિકરણ |

- નરેન્દ્ર મોદીએ ડીજીટલ જીવન પ્રમાણપત્રની સુવિધા 'જીવન પ્રમાણ' શરૂ કરી. આ સુવિધા 'આધાર' પર આધારિત હશે. આ સુવિધા હેઠળ હવે પેન્શનરોને હવે દર વર્ષે ઓફિસમાં જઈને પોતાના અસ્તિત્વનું પ્રમાણ આપવાની જરૂર નહિ રહે. આ સુવિધા દ્વારા પેન્શનર ઘર બેઠા જ આ પ્રમાણ આપી શકશે.
- મર્સિડીઝ ડ્રાઈવર નીકો રોઝબર્ગે બ્રાઝિલ ગ્રાં. પ્રી. ફોર્મ્યુલા-1 ખિતાબ જીત્યો.
- ગુજરાતના રાજ્યપાલ ઓ પી કોહલી દ્વારા ગુજરાત સ્થાનિક વહીવટીતંત્ર કાયદ (સુધારો) બીલ, 2011ને મંજુરી આપવા સાથે હવે ગુજરાતના નવા કાયદા અનુસાર મ્યુનિસિપલ ચૂંટણી થશે, જેમાં અનિવાર્ય મતદાનની જોગવાઈ છે. આ સાથે જ મ્યુનિસિપલ ચૂંટણીમાં અનિવાર્ય મતદાનની જોગવાઈ કરનાર દેશનું પ્રથમ રાજ્ય ગુજરાત બન્યું.
- લાંબા અંતરની સપાટીએથી હવામાં પ્રહાર ક્ષમતા વાળી મિસાઈલ (એલઆરએસએએમ) 'બરાક 8', જેને ભારત અને ઇઝરાયેલે મળીને બનાવી છે, તેનું સફળ પરીક્ષણ ઇઝરાયેલમાં કરવામાં આવ્યું.
- કેન્દ્ર સરકારે અમલદારોની વિદેશ યાત્રા પર નવા પ્રતિબંધો મુક્યા. સરકારે પોતાના અધિકારીઓની વિદેશ યાત્રાની સંખ્યા સીમિત કરીને એક વર્ષમાં તેમને માત્ર ચાર વિદેશી યાત્રાની પરવાનગીની જોગવાઈ કરી.
- લેફ્ટનન્ટ જનરલ રીઝવાન અખ્તરે પાકિસ્તાનની જાસુસી સંસ્થા ISIના મહાનિદેશકનું પદ મેળવ્યું. તેમણે જહીરૂલ ઇસ્લામનું સ્થાન લીધું.
- ચીન અને રશિયાએ ઉર્જા કરારો પર હસ્તાક્ષર કર્યા. આ કરારો રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શિ જીનપિંગે બેજિંગમાં ચાલી રહેલ વાર્ષિક એશિયા-પ્રશાંત આર્થિક સહયોગ (એપેક) સમિટ દરમ્યાન કર્યા.
- પ્રણવ મુખરજીએ ભારત અને ભૂટાન વચ્ચેના સંબંધો મજબુત બનાવવા માટે લીધેલ ભૂટાનની મુલાકાત દરમ્યાન ભૂટાનના રાજા જીગ્મે ખેસર નામગ્યાલ વાંગ્ચુક અને વડાપ્રધાન શેરિંગ તોબગેની મૂલાકાત લીધી.

www.crackgpsc.com

- જર્મનીમાં બર્લિનની દિવાલના પતનની 25મી વર્ષગાંઠ ઉજવવામાં આવી. 155 કિમી લાંબી આ દીવાલ સમગ્ર બર્લિનમાં ફેલાયેલ હતી, પણ હવે તે માત્ર ત્રણ કિમી ક્ષેત્રમાં જ રહી છે. બર્લિનની દીવાલને વર્ષ 1989માં પાડી દેવામાં આવી હતી.
- ફોર્ચ્યુન પત્રિકાની ભારતની 50 સૌથી શક્તિશાળી મહિલા વ્યવસાયિકોની યાદીમાં એસબીઆઈનાં અધ્યક્ષ અરુંધતિ ભટ્ટાચાર્ય પ્રથમ ક્રમે. બીજા સ્થાને ચંદા કોચર (ICICI બેંક) અને ત્રીજા સ્થાને શિખા શર્મા (એક્સિસ બેંક) છે.
- દેશના પ્રથમ શિક્ષણ મંત્રી મૌલાના અબ્દુલ કલામ આઝાદની જયંતી પર 11 નવેમ્બરે રાષ્ટ્રીય શિક્ષણ દિવસ ઉજવવામાં આવ્યો. આ દિવસે મૌલાના આઝાદની 125મી વર્ષગાંઠ હતી.
- ભૂતપૂર્વ IPS અધિકારી કે સી રેડ્ડીને ગાઝા પર બનેલ સંયુક્ત રાષ્ટ્ર (UN) તપાસ પેનલના સભ્ય બનાવવામાં આવ્યા. તે પહેલાં કે સી રેડ્ડી સીરિયા માટે સંયુક્ત રાષ્ટ્રના સુરક્ષા સલાહકાર રહી ચુક્યા છે. આ પેનલ જુલાઈ-ઓગસ્ટ 2014 વચ્ચે ગાઝા પટ્ટીમાં બનેલ ખાસ ઘટનાઓની સમીક્ષા કરશે. બાન કી મુને ગાઝા યુદ્ધ માટે પેટ્રિક કામ્માર્ટની અધ્યક્ષતા વાળી એક પાંચ સભ્યોની પેનલ રચી છે.
- કેરળ 'પ્રધાનમંત્રી જન ધન યોજના' હેઠળ તમામ પરિવારો પાસે બેંક ખાતાવાળું દેશનું પ્રથમ રાજ્ય બન્યું. આ યોજના હેઠળ કેરળમાં લગભગ 13 લાખ નવાં ખાતાં ખોલવામાં આવ્યાં.
- કેન્દ્ર સરકારે કેશ મેનેજમેન્ટ બિલ્સ દ્વારા બજારમાંથી 10000 કરોડ રૂપિયા એકત્ર કર્યા.
- કેન્દ્રીય સંચાર અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રી રવિશંકર પ્રસાદે 'યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડ'ની સુવર્ણ જયંતિને યાદગાર બનાવવા માટે સ્મારક ટપાલ ટીકીટ રજુ કરી. યુટીઆઈ મ્યુચ્યુઅલ ફંડની સ્થાપના વર્ષ 1964માં થઇ હતી.
- ફિલ્મ નિર્માતા અને દિગ્દર્શક રવિ ચોપડાનું અવસાન. તેમના દિગ્દર્શનમાં બનનાર પ્રથમ ફિલ્મ 'જમીર' હતી. તેઓ દૂરદર્શન પર પ્રસારિત લોકપ્રિય ધારાવાહિક 'મહાભારત' માટે ખુબ ચર્ચામાં રહ્યા હતા. આ ધારાવાહિકના નિર્માતા તેમના પિતા હતા. તેમણે ધ બર્નિંગ ટ્રેન, બાગબાન, ભૂતનાથ, અને ભૂતનાથ રિટર્ન્સનું નિર્માણ પણ કર્યું.
- પૃથ્વીથી લગભગ 50 કરોડ કિમીના અંતરે સ્થિત ધૂમકેતુ '67પી/ચૂરયુમોફ-ગેરાસિમેંકો'ની સપાટી પર રોસેટા અંતરિક્ષયાન સફળતા પૂર્વક ઉતર્યું. પ્રથમ વખત કોઈ અંતરિક્ષ યાન ધૂમકેતુની સપાટી પર ઉતર્યું. તેનાથી ધૂમકેતુ પર હાજર બરફ અને માટીના લગભગ 4 અબજ વર્ષ જૂનાં રહસ્યો વિષે જાણવામાં મદદ થશે.
- દુનિયાના સૌથી મોટા કાર્બન ઉત્સર્જક દેશો અમેરિકા અને ચીન વચ્ચે કાર્બન ઉત્સર્જન રોકવા માટે બેજિંગમાં એક સમજુતી થઇ. તે અનુસાર અમેરિકા વર્ષ 2025 સુધી ગેસના ઉત્સર્જનમાં 26 થી 28%નો ઘટાડો કરીને વર્ષ 2005ના સ્તરે લાવશે.

- જે. જયલલિતાને 10 વર્ષ સુધી ચૂંટણી લડવા માટે અયોગ્ય ઘોષિત કરવામાં આવ્યાં. તેમને આવક કરતા વધુ ધન સંપત્તિ બાબતે બેંગલુરુની વિશેષ અદાલતે 100 કરોડ રૂપિયાના દંડ ઉપરાંત 4 વર્ષની જેલની સજા કરી છે.
- જી એસ સંધુ રાષ્ટ્રીય રાસાયણિક હથિયાર કન્વેન્શનના અધ્યક્ષ બન્યા.
- ભાજપા વિધાયક હરિભાઉ બાગડે સર્વસંમતિથી મહારાષ્ટ્ર વિધાનસભાના અધ્યક્ષ ચૂંટાયા. ભારતીય બંધારણની કલમ 178 ભારતીય રાજ્યની વિધાનસભામાં અધ્યક્ષ પદની વ્યાખ્યા આપે છે. આ જ રીતે કલમ 93 લોકસભામાં અધ્યક્ષ પદની વ્યાખ્યા આપે છે.
- ભૂતપૂર્વ વિદેશ સચિવ નિરપમા રાવને ભારતના પ્રથમ વડાપ્રધાનની 125મી જયંતી પહેલાં જવાહરલાલ નેહરુ ફેલોશિપ એનાયત કરવામાં આવી. આ ફેલોશિપ જવાહરલાલ નેહરુ મેમોરિયલ ફંડમાંથી આપવામાં આવે છે. નિરપમા રાવ ઈતિહાસની રાજનીતિ: ભારત અને ચીન, 1949-1962 વિષયક પરિયોજના પર રીસર્ચ કરશે.
- રોહિત શર્માએ વન ડે ક્રિકેટમાં બે વાર બેવડી સદી બનાવવાનો રેકોર્ડ બનાવ્યો. રોહિત શર્મા વન ડે ક્રિકેટમાં વીરેન્દ્ર સહેવાગના સર્વોચ્ચ સ્કોર 219 ને પાછળ રાખી 250 નો આંકડો પાર કરનાર વિશ્વના પ્રથમ બેટ્સમેન બન્યો. વન ડેમાં રોહિત શર્મા સાથે માત્ર 3 બેટ્સમેનોએ બેવડી સદી ફટકારી છે જે ત્રણેય ભારતીય છે. આ રેકોર્ડ સૌથી પહેલાં સચિન તેંદુલકરે બનાવ્યો હતો અને 200 નોટ આઉટ રન બનાવ્યા હતા.
- સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ પર્યટન સંગઠને ઓરિસ્સાના ચિલ્કા સરોવરને તેની પ્રાકૃતિક સુંદરતા અને જૈવ વિવિધતા માટે દર્શનીય પર્યટન સ્થળ જાહેર કર્યું. આ સરોવર ઓરિસ્સાના પૂર્વીય તટ પર છે. તે પ્રવાસી જળ પક્ષીઓ માટેનું ભારતીય ઉપખંડમાં સૌથી મોટું શીતકાલીન આવાસ સ્થળ છે.
- મહારાષ્ટ્ર રાજ્યના પૂર્વ મંત્રી રાધાકૃષ્ણ વિખે પાટીલ કોંગ્રેસ વિધાયક દળ (CLP)ના નેતા ચૂંટાયા.
- અમેરિકાની ફોર્ચ્યુન પત્રિકાએ 'બિઝનેસ પર્સન ઓફ ધ યર'ની યાદી જાહેર કરી. આ યાદીમાં ભારતીય મૂળના ત્રણ મુખ્ય કાર્યકારી અધિકારીઓ માસ્ટર કાર્ડના સીઈઓ અજય બંગા (28મા), માઈક્રોસોફ્ટના સીઈઓ સત્ય નાડેલા (38મા) અને હરમેન ઇન્ટરનેશનલના ચેરમેન દિનેશ પાલીવાલ (42મા) સામેલ છે. યાદીમાં ગુગલના સીઈઓ લૈરી પેજ પ્રથમ ક્રમે છે.
- આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે (ICC) ભારતીય ક્રિકેટ ટીમના વાઈસ કેપ્ટન વિરાટ કોહલીને ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં સંયુક્ત રીતે રમાનાર વર્લ્ડ કપ 2015ના એમ્બેસેડર નિમ્યા. પરિષદે કોહલી ઉપરાંત ઓસ્ટ્રેલિયન બોલર મિશેલ જોનસન અને શેન વોટ્સન, ન્યુઝીલેન્ડના કેપ્ટન બ્રેન્ડન મૈક્કલમ અને શ્રીલંકાના કુમાર સંગાકારાને પણ વર્લ્ડ કપના એમ્બેસેડર નિયુક્ત કર્યા છે.

- રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રકચરે પોતાના યુનિટ મુંબઈ મેટ્રો ટ્રાન્સપોર્ટ પ્રા. લિ. અને મહારાષ્ટ્ર સરકાર વચ્ચે થયેલ 12000 કરોડ રૂપિયાની મુંબઈ મેટ્રો-2 ચારકોપ-બાંદ્રા-મનખુર્દ કોરીડોર યોજના માટેનો કરાર રદ કર્યો.
- કાશ્મીરના બહુચર્ચિત મચ્છલ બનાવટી એન્કાઉન્ટર કાંડમાં પાંચ સૈનિકોને ઉમરકેદની સજા થઇ.
- કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી મેનકા સંજય ગાંધીએ નવી દિલ્હીમાં રાષ્ટ્રીય બાળ સ્વચ્છતા મિશનની શરુઆત કરી. આ મિશન નરેન્દ્ર મોદીએ 2જી ઓક્ટોબર, 2014ના દિવસે શરુ કરેલ રાષ્ટ્રવ્યાપી સ્વચ્છ ભારત મિશનનો એક ભાગ છે. રાષ્ટ્રીય બાળ સ્વચ્છતા મિશનના છ વિષય નિર્ધારિત કરેલ છે: (1) સ્વચ્છ આંગણવાડી (2) સ્વચ્છ વાતાવરણ/રમતનું મેદાન (3) વ્યક્તિગત સ્વચ્છતા (4) સ્વચ્છ ભોજન (5) સ્વચ્છ પીવાનું પાણી (6) સ્વચ્છ શૌચાલય
- ભારતે અણુશસ્ત્રો લઇ જવામાં સક્ષમ અને સરફેસ ટુ સરફેસ પ્રહાર કરનારી સ્વદેશી મિસાઈલ પૃથ્વી 2નું સફળ પ્રાયોગિક પરીક્ષણ કર્યું. આ અત્યાધુનિક મિસાઈલ દેશના ઈન્ટિગ્રેટેડ ગાઈડેડ મિસાઇલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ (Integrated Guided Missile Development Programme, IGMDP) હેઠળ વિકસિત પ્રથમ બેલેસ્ટિક મિસાઈલ છે. આ મિસાઈલ 500 કિગ્રાથી 1000 કિગ્રા સુધીના પરમાણુ અને ટ્રેડીશનલ બંને પ્રકારનાં હથિયાર લઇ જવા માટે સક્ષમ છે. પૃથ્વી 2ની પ્રહાર ક્ષમતા 350 કિમી છે.
- ટાટા સન્સના માનદ અધ્યક્ષ રતન ટાટાને ઇન્ટરપોલ ફાઉન્ડેશનના બોર્ડ ઓફ ટ્રસ્ટીના સભ્ય બનાવવામાં આવ્યા. તેમણે આંતરરાષ્ટ્રીય પોલિસ સંગઠનની બે નવી વૈશ્વિક પહેલમાં યોગદાન આપવાનું છે જેનો ઉદ્દેશ્ય સંગઠિત અપરાધ તથા આતંકવાદને રોકવાનો છે.
- રેલ મંત્રાલય દ્વારા મેટ્રોમેન ઈ. શ્રીધરનની અધ્યક્ષતામાં એક સદસ્યીય સમિતિની રચના કરાઈ. તેની રચના રેલવેના કામકાજમાં પારદર્શકતા લાવવા, ભ્રષ્ટાચાર દુર કરવા તથા અધિકારીઓની જવાબદારી નક્કી કરવા માટે કરવામાં આવી. સમિતિના બે સપ્તાહમાં વચગાળાનો અને ત્રણ મહિનામાં અંતિમ રિપોર્ટ આપવાનો છે.




www.crackgpsc.com

- ભારતે જમીન પરથી જમીન પર પ્રહાર કરનારી પરમાણુ ક્ષમતા સંપન્ન ધનુષ્ય બેલેસ્ટિક મિસાઈલનું પરીક્ષણ નૌસૈનિક જહાજથી ઓરિસ્સાના તટ પર કર્યું. ધનુષ ભારતની સ્વદેશી વિકસિત પૃથ્વી મિસાઈલની નેવી આવૃત્તિ છે. આ મિસાઈલ ટ્રેડીશનલ વિસ્ફોટકો સાથે 500 થી 1000 કિગ્રા સુધીના પરમાણુ વિસ્ફોટકો લઇ જવામાં સક્ષમ છે. તેમ જ તે જમીન અને સમુદ્ર બંને લક્ષ્યોને ભેદી શકે છે.
- રેડિયો કાશ્મીર જમ્મુને તેના કાર્યક્રમ 'જીવન રેખા' માટે ગાંધીવાદી દર્શન તથા લોક સેવા પ્રસારણ પુરસ્કાર 2014નું વિજેતા ઘોષિત કરાયું. જીવન રેખા કાર્યક્રમ રેડિયો કાશ્મીર જમ્મુ દ્વારા જમ્મુ અને કાશ્મીર ક્ષેત્રમાં આવેલ પુર દરમ્યાન કરવામાં આવેલ બચાવ અભિયાન પર આધારિત હતો.
- યુ કે, ફ્રાન્સ, નેપાળે ભારત, જર્મની, બ્રાઝિલ અને જાપાન (જી-4 રાષ્ટ્ર)ના સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સ્થાઈ સભ્ય બનવાની ઉમેદવારીનું સમર્થન કર્યું.
- ભારતીય શાસ્ત્રીય સંગીત ગાયક પંડિત જસરાજને સુમિત્રા ચરત રામ લાઈફટાઈમ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા.
- વિશ્વ વેપાર સંગઠન (WTO)માં ભારત અને અમેરિકા વચ્ચે ખાદ્ય સુરક્ષા વિષય પર સહમતિ થઇ.
- દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વવાળી ભારતીય જનતા પાર્ટીની સરકારે મહારાષ્ટ્ર વિધાનસભામાં ધ્વનિમતથી વિશ્વાસનો મત જીત્યો. મહારાષ્ટ્ર વિધાનસભામાં વિપક્ષની સૌથી મોટી પાર્ટી હોવાથી સદનમાં શિવસેનાના એકનાથ શિંદે વિપક્ષના નેતા બનશે.
- મુંબઈ ઉચ્ચ ન્યાયાલયે મહારાષ્ટ્રમાં મરાઠીઓ અને મુસ્લીમોની અનામત પર રોક લગાવી.
- કેન્દ્રીય લઘુમતી મંત્રાલયે મૌલાના આઝાદ નેશનલ એકેડમી ફોર સ્કિલ્સની શરૂઆત કરી. તેને મૌલાના આઝાદ અબુલ કલામ આઝાદની 125મી જયંતી પર પ્રાથમિક આધાર પર યુવાઓને તાલીમ આપવા માટે શરુ કરવામાં આવી.
- ઓસ્ટ્રેલિયાના બોલર મિશેલ જોનસનને વર્ષ 2014 માટે ICC ક્રિકેટર ઓફ ધ યર અને ICC ટેસ્ટ ક્રિકેટર ઓફ ધ યર તરીકે પસંદ કરવામાં આવ્યા. ભારતના ભુવનેશ્વરકુમારને પીપલ્સ ચોઈસ એવોર્ડ મળ્યો. એબી ડીવિલિયર્સને ICC વન ડે ક્રિકેટર ઓફ ધ યર પસંદ કરવામાં આવ્યા. મહિલાઓમાં આ સમ્માન ઇંગ્લેન્ડની સારા ટેલરને મળ્યું. ઇંગ્લેન્ડના ગૈરી બૈલંસ ઈમર્જીંગ પ્લેયર ઓફ ધ યર બન્યા. વર્ષ 2014ના ICC પુરસ્કારોના અન્ય વિજેતા : ICC એસોસિએટ ક્રિકેટર ઓફ ધ યર : પ્રેસ્ટન મોમસન (સ્કોટલેન્ડ), વન ડે મહિલા T 20 ક્રિકેટર ઓફ ધ યર : મેગ લૈનિંગ (ઓસ્ટ્રેલિયા), વન ડે એમ્પાયર ઓફ ધ યર : રીચાર્ડ કેટલબરો (ઇગ્લેન્ડ).

## ➢ 3rd week

- સ્ટીલ ઓથોરીટી ઓફ ઇંડિયાના ચેરમેન સી એસ વર્માને IIM – જેઆરડી ટાટા પુરસ્કાર આપવામાં આવ્યો. તેમને આ પુરસ્કાર વર્ષ 2014માં ધાતુ ઉદ્યોગ ક્ષેત્રમાં 'ઉત્કૃષ્ટ કોર્પોરેટ લીડરશીપ' માટે આપવામાં આવ્યો. સી એસ વર્માએ વર્ષ 2010માં સેલના ચેરમેનનો પદભાર સંભાળ્યો હતો.
- દિલ્હીનું કનોટ પ્લેસ (CP) દેશનું પ્રથમ ફ્રી વાઈ-ફાઈ ઝોન બન્યું. તેનાથી એક જ સમયે 5000 લોકો 512 KBPSની ગતિથી ઈન્ટરનેટનો ઉપયોગ કરી શકશે. તેનો મુખ્ય હેતુ ઓનલાઈન સેવાઓ અને કટોકટીની સૂચનાઓ નાગરિકો સુધી પહોંચાડવાનો છે. આ સેવા ટાટા ડોકોમો કંપનીના માધ્યમથી શરુ કરવામાં આવ્યું. આ સેવા હેઠળ પ્રથમ 20 મિનીટ સુધી મફતમાં તેનો ઉપયોગ થઈ શકશે.
- સાઈના નેહવાલ અને કીદામ્બી શ્રીકાંતે ચાઈના ઓપન સુપર સીરીઝ બેડમિન્ટન ટુર્નામેન્ટનો ક્રમશઃ મહિલા એકલ અને પુરુષ એકલનો ખિતાબ જીત્યો.
- 9મુ G-20 શિખર સંમેલન વર્ષ 2014માં ઓસ્ટ્રેલિયાના બ્રિસ્બનમાં યોજાયું. પ્રથમ સંમેલન વર્ષ 2008માં વોશિંગ્ટનમાં જયારે 8મુ સંમેલન રશિયામાં યોજાયું હતું. શિખર સંમેલનની પુર્ણાહુતી પર G-20 દેશના નેતાઓએ 'બ્રિસ્બન એક્શન પ્લાન' રજુ કર્યો.
- વિકસિત અને વિકસતા દેશોના સંગઠન G-20નું 10મુ શિખર સંમેલન વર્ષ 2015માં તુર્કીના અંતાલયામાં અને વર્ષ 2016નું (11મુ) સંમેલન ચીનમાં યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો.
- આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે વિશ્વ કપની ઇનામી રકમમાં 20%નો વધારો કર્યો.
- સચિન તેંદુલકરે 'સાંસદ આદર્શ ગ્રામ યોજના' હેઠળ આન્ધ્ર પ્રદેશના નેલ્લોર જીલ્લાના પુટ્ટમરાજુવારી કંડરિકા ગામને દત્તક લીધું.
- ઈરાકી સેના લાંબા સંઘર્ષ બાદ આતંકવાદી સંગઠન ઇસ્લામિક સ્ટેટ (IS)પાસેથી બૈજી શહેર પર ફરીથી કબજો મેળવવામાં સફળ થઇ.
- ભારતીય ક્રિકેટ ટીમે શ્રીલંકા વિરુદ્ધ 5 મેચોની વન ડે શ્રેણી 5-0થી જીતી.
- નોવાક જોકોવિચ ATP વર્લ્ડ ટુર ફાઈનલ્સના ચેમ્પિયન બન્યા. સ્વિસ ખેલાડી રોજર ફેડરર દ્વારા પીઠ પર વાગવાને લીધે ફાઈનલ્સમાં નામ પાછું ખેંચ્યા બાદ નોવાક જોકોવિચને વિજેતા જાહેર કરવામાં આવ્યા. ATP વર્લ્ડ ટુર ફાઈનલ્સના 45 વર્ષના ઇતિહાસમાં પ્રથમ વખત ફાઈનલનો મુકાબલો ન થયો. બીજી તરફ નોવાકે સતત ત્રીજા વર્ષે ATP વર્લ્ડ ટુર ફાઈનલ્સનો ખિતાબ જીત્યો.
- સિબિયુના મેયર કલાઉસ વર્નર ઇયોહાન્નીસની સોશિયલ ડેમોક્રેટિક પાર્ટીના વડાપ્રધાન વિક્ટર પોંટાને હરાવીને રોમાનિયાના રાષ્ટ્રપતિ બન્યા.

www.crackgpsc.com

- ચીને યાઓગન 23 નામનો એક દુરસંવેદી ઉપગ્રહ તાઈયુઆન ઉપગ્રહ લોન્ચ કર્યો. આ ઉપગ્રહને 'લોંગ માર્ચ 2C' રોકેટ દ્વારા છોડવામાં આવ્યો. યાઓગન 23નો ઉપયોગ મુખ્ય રીતે વૈજ્ઞાનિક પ્રયોગો, પ્રાકૃતિક સંસાધન સર્વેક્ષણ, પાકની ઉપજનો અંદાજ મેળવવા અને પ્રાકૃતિક વિપદા રાહત માટે કરવામાં આવશે.
- ભારતના ભૂતપૂર્વ ક્રિકેટ કેપ્ટન દિલીપ વેંગસરકરને આઠમા વાર્ષિક BCCI પુરસ્કારમાં કર્નલ સી કે નાયડુ લાઈફટાઇમ અચિવમેન્ટ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા.
- સ્ક્વોશ ખેલાડી હરિંદરપાલ સિંહ સંધુએ થાઈલેન્ડમાં થયેલ એશિયન બીચ ગેમ્સની પુરુષ એકલ સ્ક્વોશ સ્પર્ધામાં હોંગકોંગના ચિપ ત્સેજ ફૂંગને હરાવીને સુવર્ણચંદ્રક જીત્યો.
- 83મી ઇન્ટરપોલ મહાસભાનું આયોજન મોનાકોના ગ્રીમાલ્ડી ફોરમમાં કરવામાં આવ્યું.
- ઓક્સફર્ડ ડિક્ષનરીએ વેપ (Vape) શબ્દને 'વર્ડ ઓફ ધ યર 2014' તરીકે પસંદ કર્યો.
- ભારતીય વાયુસેનાએ અજમાયશી પરીક્ષણ હેઠળ સપાટીથી હવામાં પ્રહાર કરનારી સ્વદેશી મિસાઈલ 'આકાશ'નું ઓરિસ્સાના ચાંદીપુર સ્થિત એકીકૃત પરીક્ષણ ક્ષેત્રના લોંચિંગ પ્રીમાઈસ-3થી સફળ પરીક્ષણ કર્યું. 'આકાશ' સપાટીથી હવામાં પ્રહાર કરનારી મધ્યમ અંતરની મિસાઈલ છે. તે 30 કિમીના અંતરમાં લક્ષ્ય ભેદી શકે છે તથા પોતાની સાથે 50 કિગ્રા સુધીના વજનનાં હથિયાર લઇ જવા માટે સક્ષમ છે. આ ઇન્ટીગ્રેટેડ ગાઈડેડ મિસાઈલ ડેવલપમેન્ટ પ્રોગ્રામનો ભાગ છે.
- ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ ઝડપી બોલર ભુવનેશ્વર કુમારને વર્ષ 2013-14માં શ્રેષ્ઠ પ્રદર્શન માટે સર્વશ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય ખેલાડી તરીકે ઘોષિત કર્યા.
- અગ્રણ્ય ફેશન સ્ટોર મિન્ત્રા ડોટ કોમે અભિનેત્રી કંગના રાણાવતને પોતાની બ્રાન્ડ એમ્બેસેડર બનાવી. મિન્ત્રા ડોટ કોમની શરૂઆત 2007માં મુકેશ બંસલ અને આશુતોષ લવાનિયાએ કરી હતી.
- રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ દિલ્હીના પ્રગતિ મેદાનમાં 34મા ભારતીય આંતરરાષ્ટ્રીય વેપાર મેળાનું ઉદઘાટન કર્યું. વર્ષ 2014ના વેપાર મેળાનો ભાગીદાર દેશ દક્ષિણ આફ્રિકા છે. વર્ષ 2014ના વેપાર મેળાનું ફોકસ રાજ્ય દિલ્હી જયારે ફોકસ દેશ થાઈલેન્ડ છે.
- ચીન અને ઓસ્ટ્રેલિયાએ ચીનના રાષ્ટ્રપતિ શિ જીનપિંગ અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન ટોની અબોટની હાજરીમાં મુક્ત વેપાર સમજુતી પર હસ્તાક્ષર કર્યા.
- ચાર ડબ્બા વાળી ટ્રેન મોદી એક્સપ્રેસને ઓસ્ટ્રેલિયન વિક્ટોરિયન બહુસંસ્કૃતિ મંત્રી મૈથ્યુ ગુઈએ ઝંડી બતાવીને રવાના કરી. આ ટ્રેનને નરેન્દ્ર મોદી અને વડાપ્રધાન તરીકેની તેમની પ્રથમ સત્તાવાર ઓસ્ટ્રેલિયા યાત્રાના સન્માનમાં રવાના કરવામાં આવી. વડાપ્રધાનના નામ પર ટ્રેન સેવાનું આયોજન મેલબર્નના ઇતિહાસમાં પ્રથમ વાર કરવામાં આવ્યું.

- ભારતમાં અનાથ અને વંચિત બાળકોની મદદ માટે કામ કરનારી 18 વર્ષીય ભારતીય મૂળની અમેરિકન નેહા ગુપ્તાને 'ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ પીસ પ્રાઈઝ' આપવામાં આવ્યું. ફિલાડેલ્ફીઆની નેહા ગુપ્તા પ્રથમ અમેરિકન છે જેને નેધરલેંડના ધ હેગમાં 'ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ પીસ પ્રાઈઝ' આપવામાં આવ્યું. નેહા ગુપ્તાએ પોતાના સંગઠનના માધ્યમથી 25000 લાચાર બાળકોની મદદ કરી. 'ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ પીસ પ્રાઈસ' દુનિયાભરના બાળકોના અધિકારો માટે સમર્પણ અને યોગદાન આપનાર વ્યક્તિને દર વર્ષે આપવામાં આવે છે. આ પુરસ્કાર ડચ કીડ્ઝ રાઈટ્સ ફાઉન્ડેશનના અધ્યક્ષ અને સંસ્થાપક માર્ક ડ્યુલેર્ટની પહેલ છે.
- બંદુકધારી દ્વારા બંદી બનાવાયેલ 10 વિદ્યાર્થીઓના જીવનને બચાવવા બદલ ગુંજન શર્માને આસામનો પ્રથમ વીરતા પુરસ્કાર આપવામાં આવ્યો. આસામના શિવસાગર જીલ્લાના નજીરા કેન્દ્રીય વિદ્યાલયની વિદ્યાર્થીની ગુંજન શર્મા બીજા બાળકોને છોડવાના બદલે સ્કુલ વાનનું અપહરણ કરનાર બંદુકધારી સાથે જવા રાજી થઇ ગઈ પરંતુ ત્યારબાદ ગુંજનને રાત્રે આસામ-નાગાલેંડ બોર્ડરના ગીચ જંગલોમાં છોડી દીધી. સવાર સુધીમાં તે જંગલમાંથી નીકળવાનો રસ્તો શોધવામાં સફળ થઇ ગઈ.
- 9મુ પૂર્વ એશિયા શિખર સંમેલન મ્યાનમારના નાઈ પાઈ તાવમાં યોજવામાં આવ્યું. આ સંમેલનની અધ્યક્ષતા મ્યાનમારના રાષ્ટ્રપતિ યુ થીન સીને કરી.
- ઈસરોને વર્ષ 2014ના ઇન્દિરા ગાંધી શાંતિ, નીરસ્ત્રીકરણ અને વિકાસ પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યું. ઈસરોને આ પુરસ્કાર શાંતિ, નીરસ્ત્રીકરણ અને વિકાસના કાર્યો માટે ઈસરોના સતત કરવામાં આવેલ પ્રયાસો માટે આપવામાં આવ્યો.
- આંતરરાષ્ટ્રીય બૌદ્ધ સંમેલન 2014નું આયોજન નેપાળના લુમ્બિનીમાં કરવામાં આવ્યું.
- મિશેલ કાફાંદોને બુર્કિના ફાસોના વચગાળાના રાષ્ટ્રપતિ બનાવવામાં આવ્યા.
- કેન્દ્ર સરકારે ઘરગથ્થુ બચતને પ્રોત્સાહન આપવા માટે કિસાન વિકાસ પત્ર યોજનાની શરૂઆત ફરીથી કરી. નવા કિસાન વિકાસ પત્રમાં ધનરાશિ 8 વર્ષ 4 માસમાં બમણી થશે. તેના ઉપર બેંક પાસેથી લોન પણ લઇ શકાશે. કિસાન વિકાસ પત્રને વ્યક્તિગત રીતે અથવા સંયુક્ત રીતે ખરીદી શકાય છે. એક વ્યક્તિથી બીજી વ્યક્તિના નામે ટ્રાન્સફર પણ કરી શકાશે. અઢી વર્ષ પહેલાં KVP વટાવી શકાશે નહિ. KVPમાં રોકાણની કોઈ મર્યાદા નહિ હોય.
- મુંબઈ હાઈ કોર્ટે આવકવેરા વિભાગ દ્વારા શેલ ઇન્ડિયાને કરેલ 18000 કરોડ રૂપિયા ભરવાના આદેશને રદ કર્યો.
- ઇન્સ્ટીટયુટ ફોર ઇકોનોમિકસ એન્ડ પીસે ગ્લોબલ ટેરરીઝમ ઇન્ડેક્સ 2014 (વૈશ્વિક આતંકવાદ સૂચકાંક 2014) રજુ કરી. વર્ષ 2013માં વિશ્વમાં આતંકવાદના 82% માત્ર પાંચ દેશ-ઈરાક, અફગાનિસ્તાન, પાકિસ્તાન, નાઈઝીરીયા અને સીરિયામાં ઉત્પન્ન થયો.

www.crackgpsc.com

- ભારતનો 45મો આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવ ગોવાના પણજીમાં શરુ થયો. આ વખતે મહોત્સવમાં ફોકસ દેશ ચીન છે.
- ભારતીય મૂળના બ્રિટીશ નાગરિક નીલ મુખરજીને 'કોસ્ટા બુક એવોર્ડ' માટે લંડનમાં નોમીનેટ કરવામાં આવ્યા. નીલ મુખરજીને તેમની નવલકથા 'ધ લાઈવ્સ ઓફ અધર્સ' માટે પસંદ કરવામાં આવ્યા.
- અમેરિકાથી પ્રકાશિત થનારી 'ટાઈમ પત્રિકા'એ ભારતના 'મંગળયાન'ને વર્ષ 2014ના સર્વશ્રેષ્ઠ આવિષ્કારોની યાદીમાં સમાવ્યું તથા મંગળયાનને 'ધ સુપરસ્માર્ટ સ્પેસક્રાફ્ટ'ની પરિભાષા આપી. એક જ પ્રયાસમાં મંગળ ગ્રહ પર યાન મોકલનાર ભારત વિશ્વમાં પ્રથમ છે.
- કોટક મહિન્દ્રા બેંકમાં પ્રાઇવેટ બેંક ING વૈશ્ય બેંકના વિલયની જાહેરાત કરવામાં આવી.
- ડૉ. બકુલ ધોળકિયાએ આંતરરાષ્ટ્રીય મેનેજમેન્ટ ઇન્સ્ટીટયુટ, દિલ્હીના ડીરેક્ટર જનરલનો પદભાર સંભાળ્યો. ડૉ. બકુલ ધોળકિયા 'મેનેજમેન્ટ ગુરુ'ના નામથી ઓળખાય છે. તેમને પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા હતા. તેઓ IIM, અમદાવાદના ડીરેક્ટર રહી ચુક્યા છે.
- ગુવાહાટી સ્થિત આસામ રાજ્ય પ્રાણી સંગ્રહાલયે લુપ્તપ્રાય સુવર પિગ્મી હોગ (પ્રોક્યુલા સાલવાનિયા)ને રાખવાનો નિર્ણય કર્યો. પિગ્મી હોગ દુનિયાનું સૌથી નાનું જંગલી સુવર છે. આનાથી આસામ રાજ્ય પ્રાણી સંગ્રહાલય દુનિયાનું એક માત્ર એવું પ્રાણી સંગ્રહાલય બની ગયું જ્યાં સુવરોની આ લુપ્તપ્રાય પ્રજાતિ જીવિત છે.
- બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી (BNHS)ના અભ્યાસ મુજબ ઓછામાં ઓછા 10 મહત્વપૂર્ણ પક્ષી અને જૈવ વિવિધતા ક્ષેત્ર (IBA) જોખમમાં છે અને લુપ્ત થવાના આરે છે. આ અભ્યાસ મુજબ કચ્છનું પ્રખ્યાત ફ્લેમિંગો સિટી, મહારાષ્ટ્રનું સોલાપુર, અહમદનગરની ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ સેન્ચુરી અને મુંબઈમાં સેવારી મહુલ ક્રિક ભારતના સૌથી વધુ સંકટવાળા આવાસ ક્ષેત્રોમાંથી એક છે. એશિયામાં ફ્લેમિંગો સિટી સંભવતઃ પ્રવાસી પક્ષીઓની એક માત્ર પ્રજનન ભૂમિ છે.
- ભારતીય હોકી ટીમના મુખ્ય કોચ ટેરી વાલ્સનું પોતાના પદેથી રાજીનામું.
- દેશભરના ગ્રામ્ય પરિવારો સુધી વીજળી પુરવઠો પૂરો પાડવા માટે કેન્દ્ર સરકારે દીનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના શરુ કરવાની મંજુરી આપી. આ યોજના લગભગ 5111 કરોડ રૂપિયાના ખર્ચે કાર્યરત કરવામાં આવશે.
- આર્થિક સહયોગ અને વિકાસ સંગઠને નાણાકીય વર્ષ 2015-16 માટે ભારત માટે 6.6% વિકાસ દરનું અનુમાન લગાવ્યું.

www.crackgpsc.com

- સુપ્રીમ કોર્ટે સીબીઆઈ ડીરેક્ટર રંજીત સિંહાને 2G બાબતથી અલગ થવાનો નિર્દેશ આપ્યો. મુખ્ય ન્યાયાધીશ એચ એલ દત્તાની અધ્યક્ષતા વાળી પીઠે સિંહા વિરુદ્ધના આરોપો વિશ્વસનીય અને સ્વીકાર્ય ગણાવ્યા.
- ગુજરાતના પર્યટન મંત્રી સૌરભ પટેલે પર્યટકો માટે હોમ સ્ટે યોજના જાહેર કરી. આ યોજના મુજબ પર્યટકોને આપવામાં આવતી સેવાઓ બે વર્ગ ગોલ્ડ અને સિલ્વરમાં વહેંચાયેલ છે. ગુજરાત પર્યટન નિગમ લીમીટેડ અરજકર્તાઓની સંપત્તિ અને આવાસોની તપાસ બાદ તેમના વર્ગ માટે નિર્ણય કરશે.
- ભારતીય બેટ્સમેન સુરેશ રૈના હોકી ઇંડિયા લીગની ટીમ ઉત્તર પ્રદેશ વિઝાર્ડસના સહ માલિક બન્યા.
- રીલાયન્સ લાઈફ ઇન્સ્યોરન્સે મુંબઈમાં NGO 'રૂમ ટુ રીડ'ની સાથે મળીને સમગ્ર દેશમાં 100 નગર નિગમ શાળાઓમાં લાયબ્રેરીઓ શરુ કરવાની જાહેરાત કરી. રીલાયન્સ લાઈફ ઇન્સ્યોરન્સે બાળ દિવસના રોજ મુંબઈમાં આ ભાગીદારી હેઠળ પ્રથમ લાયબ્રેરીની શરૂઆત કરી.  રૂમ ટુ રીડ સમગ્ર દેશમાં શાળાઓમાં લાયબ્રેરી સ્થાપીને સાક્ષરતા ફેલાવવા અને શિક્ષણ ક્ષેત્રે લૈંગિક સમાનતા જાળવવા માટે કામ કરે છે.
- અમરીકન મેગેઝીન ફોરેન પોલીસીએ 100 ગ્લોબલ થીંકરની યાદી બહાર પાડી. આ યાદીમાં નરેન્દ્ર મોદી પ્રથમ સ્થાને, જર્મનીના ચાન્સેલર એન્જેલા માર્કેલ બીજા સ્થાને જયારે બીજેપી અધ્યક્ષ અમિત શાહ ત્રીજા સ્થાને છે.
- ખ્રિસ્તીઓના સર્વોચ્ચ ધર્મ ગુરુ પોપ ફ્રાન્સિસે બે ભૂતપૂર્વ ભારતીય ખ્રિસ્તી ધર્મ ગુરુઓ, કેરળના એફ કુરિયાકોસ એલિયાસ ચવારા અને સિસ્ટર યુફ્રેસિયાને વેટિકનમાં સંત જાહેર કર્યા. આ પહેલાં સિસ્ટર અલ્ફોંસાને વર્ષ 2008માં સંત જાહેર કરવામાં આવ્યાં હતાં.
- કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી મુરલી દેવડાનું નિધન. તેઓ યુપીએ સરકારમાં પેટ્રોલીયમ મંત્રી રહી ચુક્યા હતા. સાર્વજનિક સ્થળો પર ધુમ્રપાન નિષેધ કરાવવામાં તેમની સૌથી મોટી ભૂમિકા હતી.
- ભૂતપૂર્વ IAS અધિકારી દીપક ગુપ્તા યુપીએસસીના અધ્યક્ષ બન્યા. તેમણે રજની રાજદાનનું સ્થાન લીધું.  તેઓ ઝારખંડ કેડરના સેવા નિવૃત IAS અધિકારી છે. ભારતીય બંધારણની કલમ 316 મુજબ રાષ્ટ્રપતિ યુપીએસસીના અધ્યક્ષની નિમણુક કરે છે. યુપીએસસીના અધ્યક્ષનો કાર્યકાળ 6 વર્ષ કે 65 વર્ષની ઉંમર (જે પણ પ્રથમ હોય તે) સુધી હોય છે. કેન્દ્ર સરકારે દીપક ગુપ્તાને યુપીએસસીના નવા અધ્યક્ષ બનાવીને યુપીએસસીના પ્રવર્તમાન સભ્યોમાંથી જ કોઈ એકને આ સંસ્થાના અધ્યક્ષની નિમણુક કરવાની પરંપરા તોડી દીધી.

www.crackgpsc.com

- 253 ગોલ કરીને લીઓનેલ મેસી સ્પેનિશ ફૂટબોલ લીગ 'લા લીગા'માં સર્વાધિક ગોલ કરનાર ખેલાડી બન્યા. આ પહેલાં 251 ગોલનો રેકોર્ડ 'એથ્લેટિક બિલબાઓ'ના સ્ટ્રાઈકર ટેલ્મો જારાના નામે હતો.
- મેગ્નસ કાર્લસને (નોર્વે) વિશ્વનાથન આનંદને હરાવીને વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ -2014નો ખિતાબ જીત્યો. તેનું આયોજન સોચિ (રશિયા)માં કરવામાં આવ્યું. મેગ્નસ કાર્લસન વર્લ્ડ ચેસ ચેમ્પિયનશિપ જીતનાર વિશ્વના સૌથી નાની વયના ખેલાડી છે.
- મર્સિડીઝના બ્રિટીશ ડ્રાઈવર લુઇસ હેમિલ્ટન અબુ ધાબી ગ્રા. પ્રી. જીતીને બીજી વાર ફોર્મ્યુલા વન વિશ્વ ચેમ્પિયન બન્યા. હેમિલ્ટન બે વખત વિશ્વ ખિતાબ જીતનાર બીજા બ્રિટીશ ડ્રાઈવર પણ બન્યા. આ પહેલાં જૈકી સ્ટીવર્ટે વર્ષ 1971માં આ રેકોર્ડ બનાવ્યો હતો.

## 4th week

- દેશનાં પ્રખ્યાત કથક નૃત્યાંગના સિતારા દેવીનું નિધન થયું. તેમને ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં શાસ્ત્રીય નૃત્ય સ્થાપિત કરવાનું શ્રેય પણ જાય છે. વર્ષ 1973માં સિતારા દેવીને પદ્મ શ્રી પુરસ્કાર મળ્યો હતો. તેમની પદ્મ ભૂષણ માટે પણ પસંદગી થઇ હતી પરંતુ તેમણે ભારત રત્નની માંગણી કરતા આ સમ્માનનો અસ્વીકાર કર્યો હતો. રવીન્દ્રનાથ ટાગોરે તેમને નૃત્ય સામ્રાજ્ઞીની ઉપાધી આપી હતી.
- ભારતીય મુક્કેબાજ સરજુબાલા દેવી (48 કિગ્રા) અને સ્વીટીએ (81 કિગ્રા) દક્ષિણ કોરિયામાં આયોજિત આઠમી વિશ્વ મહિલા મુક્કેબાજી ચેમ્પિયનશિપમાં પોત-પોતાના વર્ગમાં રજત પદક જીત્યા.
- રોજર ફેડરરના નેતૃત્વમાં સ્વીત્ઝરલેન્ડે ફ્રાન્સને હરાવીને પ્રથમ વખત ટેનિસના ડેવિસ કપનો ખિતાબ જીત્યો. આ જીત સાથે સ્વીત્ઝરલેન્ડ સ્પર્ધાના 115 વર્ષના ઈતિહાસમાં ડેવિસ કપ જીતનાર ચૌદમો દેશ બન્યો. ડેવિસ કપ 2014ની મુખ્ય ત્રણ ટીમ છે : ચેક ગણરાજ્ય, સ્વીત્ઝરલેન્ડ અને ફ્રાન્સ.

Useful For....
UPSC, GPSC, GAUN SEVA, PSI, SSC, CDS, NDA, AIR FORCE, NAVY, IB, IFS, RBI, IBPS, SBI, TAT, TET, HTAT, Railway, Post, LIC, GIC, AAO, GCET, MBA & All Competitive Exams
www.crackgpsc.com

- અમેરિકાના રક્ષામંત્રી ચક હેગલે રાજીનામું આપ્યું. ચરમપંથી સંગઠન ઇસ્લામિક સ્ટેટનો સામનો કરવામાં ઓબામા શાસન સાથે મતભેદ અને સેનેટમાં ડેમોક્રેટિક પાર્ટીના બહુમત ગુમાવ્યા બાદ હેગલે રાજીનામું આપ્યું. તેઓ ઓબામા શાસનમાં રાજીનામું આપનાર ત્રીજા રક્ષામંત્રી છે.
- અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામા વર્ષ 2015ના ભારતીય પ્રજાસત્તાક દિવસની પરેડમાં મુખ્ય અતિથિ બનશે. કોઈ અમેરિકન રાષ્ટ્રપતિ ભારતમાં ગણતંત્ર દિવસના અવસરે મુખ્ય અતિથિ બને એવું પ્રથમ વખત બનશે.
- 'ધ સ્કેટર હિયર ઇઝ ટુ ગ્રેટ' પુસ્તક માટે બિલાલ તનવીરને શક્તિ ભટ્ટ ફર્સ્ટ બુક પુરસ્કાર 2014 માટે પસંદ કરવામાં આવ્યા. આ પુસ્તક કરાંચીની ભયાનક વાસ્તવિકતાઓનું ચિત્રણ કરે છે.
- નરેન્દ્ર મોદી ઓસ્ટ્રેલિયાની સંસદને સંબોધનાર તેઓ પ્રથમ ભારતીય વડાપ્રધાન બન્યા. શિખર સંમેલન દરમ્યાન તેમણે જી20 નેતાઓ સાથે મુલાકાત લીધી. તેમણે ક્વીન્સલેન્ડના આર્થિક નેતાઓ સાથે બીઝનેસ બ્રેકફાસ્ટમાં ભાગ લીધો. યાત્રા દરમ્યાન આ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા : સામાજિક સુરક્ષા કરાર, કેદીઓની આપ લે સંબંધી કરાર, માદક દવાઓના ગેરકાનૂની વેપાર અને પોલિસ સહયોગ વિકસિત કરવા માટે સમજુતી, કલા અને સંસ્કૃતિ ક્ષેત્રે સમજુતી, પર્યટન ક્ષેત્રે સમજુતી.
- ભારતે મૃત્યુદંડ આપવાના વિકલ્પ પર પ્રતિબંધ લગાવવાના સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં રજુ મુસદ્દા પ્રસ્તાવ વિરુદ્ધ મત આપ્યો. તેની વિરુદ્ધ મત આપવાવાળા 36 દેશોમાં ભારત સામેલ થઇ ગયું. પ્રસ્તાવના પક્ષમાં કુલ 114 મત આવ્યા.
- ગુજરાતનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલે એમએલએ આદર્શ ગ્રામ યોજનાનો આરંભ કર્યો. આ યોજના હેઠળ અમદાવાદ જીલ્લાના દસક્રોઈ તાલુકાના લીલાપુર ગામને આદર્શ ગામ તરીકે અપનાવવામાં આવ્યું.
- સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની અધિકાર સમિતિએ પ્રથમ વખત એક પ્રસ્તાવ રજુ કરતા બાળ લગ્ન રોકવા માટે સરકારોને આહવાન કર્યું. બાંગ્લાદેશમાં 15 વર્ષથી નાની વયમાં લગ્ન કરનાર છોકરીઓની સંખ્યા સૌથી વધુ છે. વિશ્વભરની કુલ બાળવધુઓની સંખ્યાનો 1/3 ભાગ ભારતમાં છે. નાઇજરમાં પશ્ચિમ આફ્રિકામાં સમગ્ર દર સૌથી વધુ છે. અહીં 20 થી 49 વર્ષની મહિલાઓમાંથી 77% મહિલાઓના લગ્ન 18 વર્ષથી નાની વયે જ થઇ જાય છે.
- હરિયાણા સરકારે સરકારી કર્મચારીઓની સેવાનિવૃત્તિ આયુ 60 વર્ષથી ઘટાડીને 58 વર્ષ કરી.

- આસામમાં કામ કરતા બિન સરકારી સંગઠન 'અરણ્યક' અને કાઠમંડુમાં કામ કરતા 'ઇન્ટરનેશનલ સેન્ટર ફોર ઇન્ટીગ્રેટેડ માઉન્ટેન ડેવલપમેન્ટ'ને વર્ષ 2014 માટે યુએન લાઈટ હાઉસ પુરસ્કાર આપવાની ઘોષણા કરવામાં આવી. આ બંને સંગઠનોને આ પુરસ્કાર ઇન્ફોર્મેશન એન્ડ કન્વર્ઝેશન ટેકનોલોજી (ICT) ક્ષેત્રે નિપુણતા માટે આપવામાં આવશે.
- 25 નવેમ્બર 2014ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા હિંસા નિવારણ દિવસ ઉજવવામાં આવ્યો. આ દિવસ સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા વર્ષ 1999થી સમગ્ર વિશ્વમાં ઉજવાય છે. આ દિવસ ડોમિનિક તાનાશાહ રાફેલ ત્રુજીલો દ્વારા સામાજિક વર્કર મીરાબલ બહેનોની હત્યાના વિરોધમાં ઉજવવામાં આવે છે. તેમની હત્યા વર્ષ 1960માં કરી દેવામાં આવી હતી.
- જયેશ બેલારેના નેતૃત્વ હેઠળ IIT, મુંબઈના વૈજ્ઞાનિકોએ એક 'હોલો-ફાઈબર મેમ્બ્રેન' (એક પ્રકારનું ડાયાલિસીસ મશીન) વિકસાવ્યું. આ મશીન ડાયાલિસીસની પ્રક્રિયાનો ખર્ચ અને સમય 50% સુધી ઘટાડી શકે છે. નવું વિકસિત મેમ્બ્રેન ડાયાલિસીસની પ્રક્રિયામાં લોહીમાંથી અશુદ્ધિઓ દુર કરવાનું કામ કરે છે. આ મશીન ઓછા ખર્ચે અને ઓછી સાઈડ ઈફેક્ટસ સાથે ઝડપી અને અસરકારક ડાયાલિસીસ સુવિધા પૂરી પાડે છે.
- વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે સંયુક્ત આરબ અમીરાત (UAE)ની મુલાકાત લીધી. UAE ભારતને કાચુ તેલ નિકાસ કરવામાં છઠ્ઠા સ્થાને છે.
- ભારતીય ડેરીના દિગ્ગજોએ શ્વેત ક્રાંતિના જનક ડૉ. વર્ગીઝ કુરિયનની 93મી જયંતી નિમિત્તે 26 નવેમ્બરે રાષ્ટ્રીય દૂધ દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો. ડૉ. કુરિયનને ભારતના મિલ્કમેન પણ કહેવામાં આવે છે. તેઓ દુનિયાના સૌથી મોટા કૃષિ વિકાસ કાર્યક્રમ ઓપરેશન ફ્લડના પ્રણેતા હતા. ઓપેરશન ફ્લડે ભારતને દૂધની અછતવાળા દેશમાંથી વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ બનાવી દીધો.
- ભારત અને નેપાળે નરેન્દ્ર મોદીની યાત્રા દરમ્યાન 10 સમજુતી કરારો પર હસ્તાક્ષર કર્યા. (1) નેપાળ પોલિસ એકેડમી (NPA) સમજુતી (2) પર્યટન સમજુતી (3) ટ્રેડીશનલ દવા સમજુતી (4) યુવા આદાન પ્રદાન સમજુતી (5) અરુણ III માટે પીડીએ સમજુતી (6) એક બિલિયન અમેરિકન ડોલર લાઈન ઓફ ક્રેડીટ સમજુતી (7) કાઠમંડુ-વારાણસી વચ્ચે ટ્વીન સીટી સમજુતી (8) અયોધ્યા-જનકપુર વચ્ચે ટ્વીન સીટી સમજુતી (9) મોટર વાહન સમજુતી (10) લુમ્બિની-બોધગયા વચ્ચે ટ્વીન સીટી સમજુતી. મોદીએ કાઠમંડુમાં બીર હોસ્પિટલમાં ભારત દ્વારા નિર્મિત ટ્રોમા સેન્ટરનું ઉદઘાટન પણ કર્યું.



www.crackgpsc.com

- સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ ચંદ્રમોલી કુમાર પ્રસાદને ભારતીય પ્રેસ પરિષદના અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવ્યા. તેઓ માર્કંડેય કાત્જુનું સ્થાન લેશે. ભારતીય પ્રેસ પરિષદ એક અર્ધન્યાયિક નિગમ છે જે મીડિયાની પ્રવૃત્તિઓ પર દેખ રેખ રાખે છે.
- અફઘાનિસ્તાનની સંસદના નીચલા ગૃહે અમેરિકા અને નાટો (ઉત્તર એટલાન્ટીક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન)ની સાથે દ્વિપક્ષીય સુરક્ષા કરારને મંજુરી આપી. આ સમજુતી પછી લગભગ 12500 નાટો સૈનિકો તાલીબાન વિરુદ્ધ લડાઈ માટે વર્ષ 2015 સુધી અફઘાનિસ્તાનમાં રહેશે.
- એસ હુસેન જૈદી દ્વારા લખાયેલ અબુ સાલેમની આત્મકથા 'માય નેમ ઈઝ અબુ સાલેમ' પેંગ્વિન પ્રકાશન દ્વારા પ્રકાશિત કરવામાં આવી.
- સાનિયા મિર્ઝા સંયુક્ત રાષ્ટ્ર સંઘના સંગઠન 'સંયુક્ત રાષ્ટ્ર મહિલા' દ્વારા દક્ષિણ એશિયામાં સદભાવના દુત તરીકે નિયુક્ત. સંયુક્ત રાષ્ટ્ર મહિલા તરફથી સદભાવના દુત બનનાર સાનિયા મિર્ઝા પ્રથમ દક્ષિણ એશિયન મહિલા છે. સાનિયા વિશ્વ ટેનિસ સંઘના ટોચના 50 ખેલાડીઓમાં શામેલ થનાર પ્રથમ ભારતીય મહિલા છે. અન્ય સદભાવના રાજદુતોમાં બ્રિટીશ અભિનેત્રી એમ્મા વોટ્સન, નિકોલ કિડમેન, બજરાકીતીયાભા મહીદોલ અને ફરહાન અખ્તર શામેલ છે.
- ભારતે પાકિસ્તાનના ઇસ્લામાબાદમાં રમાયેલ દક્ષિણ એશિયન ફૂટબોલ ફેડરેશન મહિલા ચેમ્પિયનશિપ (સૈફ)ની ફાઈનલમાં નેપાળને હરાવીને ત્રીજી વાર સૈફ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો.
- પ્રાઈસ વોટરહાઉસ કુપર્સે ફ્યુચર ઓફ ઇંડિયા – ધ વિનિંગ લીપના નામથી રજુ કરેલ રિપોર્ટમાં કહ્યા મુજબ ભારતમાં આ સમયે આર્થિક અને સામાજિક સુધારણાની જે લહેર ચાલી રહેલ છે, તે જો અકબંધ રહેશે તો થોડા જ વર્ષોમાં અર્થવ્યવસ્થાનો વિકાસ દર 9% વાર્ષિક થઇ જશે.
- સરકારે 'સ્વચ્છ ભારત કોષ પરિચાલન દિશા-નિર્દેશો'ની જાહેરાત કરી. આ કોષની ઘોષણા ભારતમાં સફાઈના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે કરવામાં આવી. સ્વચ્છ ભારત કોષના ફંડને ગ્રામ્ય અને શહેરી ક્ષેત્રોની શાળાઓમાં શૌચાલયોના નિર્માણ માટે વાપરવામાં આવશે.
- આધુનિક ભારતના આર્થિક અને સામાજિક ઈતિહાસના પ્રતિષ્ઠિત ઇતિહાસકાર તપન રાય ચૌધરીનું અવસાન થયું. તેમને 2007માં ભારત સરકારે સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે પદ્મ ભૂષણ એનાયત કર્યો હતો.
- અમેરિકન તરણવીર માઈકલ ફેલ્પ્સને પાંચમી વખત દેશનો સર્વશ્રેષ્ઠ પુરુષ એથ્લીટ પસંદ કરવામાં આવ્યો. તે માટે તેમને ગોલ્ડન ગોગલ પુરસ્કાર આપવામાં આવ્યો.



www.crackgpsc.com

- મુક્કેબાજ મનોજકુમારને અર્જુન પુરસ્કાર આપવામાં આવ્યો. તેમણે દિલ્હી હાઈકોર્ટમાં આ સંબંધે કેસ કર્યો હતો. મનોજ આ કેસ જીતી ગયા અને ખેલ મંત્રાલયે આ પુરસ્કાર માટે મનોજનું નોમીનેશન સ્વીકારવાની ફરજ પડી.
- પશ્ચિમ બંગાળના રાજ્યપાલ કેશરીનાથ ત્રિપાઠીએ બિહારના રાજ્યપાલ પદના શપથ લીધા. રાજ્યપાલની નિમણુક ભારતીય બંધારણની કલમ 158 મુજબ રાષ્ટ્રપતિ દ્વારા થાય છે.
- ઓસ્ટ્રેલિયાના ક્રિકેટર ફિલિપ હ્યુજનું મેચ રમતાં માથામાં થયેલ ઈજાને લીધે અવસાન થયું. ફિલિપ ઓસ્ટ્રેલિયામાં સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર શેફીલ્ડ શિલ્ડ ટ્રોફીની મેચ દરમ્યાન સીન એબોટનો બાઉન્સર વાગવાથી ઘાયલ થયા બાદ કોમામાં ચાલ્યા ગયા હતા.
- આર્જેન્ટીનાના ફૂટબોલ ખેલાડી લીયોનેલ મેસી ચેમ્પિયન્સ લીગમાં સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બન્યા. તેમણે એપોએલ નિકોસિયા વિરુદ્ધ ટુર્નામેન્ટમાં પોતાનો 72મો ગોલ કર્યો. મેસીએ રાઉલનો રેકોર્ડ તોડ્યો, જેમણે રીયલ મેડ્રીડ માટે 142 મેચોમાં 71 ગોલ કર્યા હતા. મેસીએ રાઉલથી 51 મેચ ઓછી રમીને આ રેકોર્ડ બનાવ્યો.
- ઈથોપિયાના રનર ગોય એડોલાએ એરટેલ દિલ્હી હાફ મેરેથોનના પુરુષ વર્ગનો ખિતાબ જીત્યો.
- ત્રણ વૈશ્વિક સંગઠનો વિશ્વ શૌચાલય સંગઠન (WTO), FINISH અને વેસ્ટે (WASTE) ભારતમાં ખુલ્લામાં શૌચ સમાપ્ત કરવા માટે MOU પર હસ્તાક્ષર કર્યા. આ કરાર ત્રણ વર્ષનો છે. ભારતમાં દુનિયામાં ખુલ્લામાં શૌચ કરનાર લોકોની સંખ્યા સૌથી અધિક છે.
- કેન્દ્ર સરકારે કેન્દ્રીય વિશ્વ વિદ્યાલય સુધારા બિલ 2014ને લોકસભામાં પસાર કર્યું. આ બિલ મોતિહારી (બિહાર) માં મહાત્મા ગાંધી કેન્દ્રીય વિશ્વવિદ્યાલયની સ્થાપનાની મંજુરી આપે છે. મોતિહારી જીલ્લો ઐતિહાસિક મહત્વ ધરાવે છે કારણ કે સ્વતંત્રતા સંગ્રામમાં મહાત્મા ગાંધીનું ચંપારણ આંદોલન આ જગ્યાથી શરુ થયું હતું. સાથે જ આ બિલમાં બિહાર રાજ્યમાં આવેલ કેન્દ્રીય વિશ્વવિદ્યાલયનું નામ બદલીને દક્ષિણ બિહાર કેન્દ્રીય વિશ્વવિદ્યાલય કરવાનો પણ પ્રસ્તાવ મુકવામાં આવ્યો.
- ભારતીય સ્ટેટ બેંક મ્યુચ્યુઅલ ફંડે ઘોષણા કરી કે 1 ડીસેમ્બર 2014ના રોજ શરિયા ઇક્વિટી ફંડ લોન્ચ કરશે. તે સાથે જ એસબીઆઈ એમએફ ગોલ્ડમેન સૈશ એમએફ, ટોરસ એમએફ અને ટાટા એમએફ સહિત ભારતમાં ઇસ્લામિક ઇક્વિટી ફંડ વાળુ ચોથું ફંડ હાઉસ બની જશે. ઉપરાંત ઇસ્લામિક દેશોની બહાર ભારત બીજો એવો દેશ બની ગયો જ્યાં એક રાષ્ટ્રીય બેંક શરિયા અનુવર્તી ફંડ છે. સંપ્રભુ ઇસ્લામિક બોન્ડ્સ ઇસ્યુ કરનાર બ્રિટન પ્રથમ દેશ હતો. દારૂ, તમાકુ, જુગાર અને કસીનો અને નાણાકીય સંસ્થાઓથી જોડાયેલ કંપનીઓના શેર આ ફંડથી બાકાત રાખવામાં આવશે.

www.crackgpsc.com

- અદાણી પાવરે ગૌતમ થાપરના અવાંતા ગ્રુપની 600 મેગાવોટ ક્ષમતાનું કોરબા વેસ્ટ પાવર યુનિટ ખરીદવાની જાહેરાત કરી. આ સોદો 4200 કરોડ રૂપિયાથી વધુનો છે.
- ભારત અને ચીન વચ્ચે ચોથા સંયુક્ત તાલીમ અભ્યાસ હેન્ડ ઇન હેન્ડ પુણેની ઔંધ સૈનિક છાવણીમાં પૂર્ણ થયું.
- અમેરિકન કંપની બોઇંગે છઠ્ઠા P-8I દરિયાઈ પેટ્રોલ એરક્રાફ્ટ ભારતને સોંપી દીધો. પી-81 લાંબા અંતરના દરિયાઇ પેટ્રોલિંગ અને સબમરીન અવરોધક યુદ્ધ વિમાન છે.
- વિશ્વ સુવર્ણ પરિષદ અને આઈઆઈએમ અમદાવાદ ભારતીય સુવર્ણ કેન્દ્રની સ્થાપના માટે સાથે મળીને કામ કરવા માટે સહમત.
- નાસાએ મંગળ ગ્રહ માટે પ્રથમ સફળ યાત્રા 28 નવેમ્બર 1964ના દિવસે શરુ કરી હતી. એ અનુસંધાનમાં નાસાએ પોતાના પહેલા મિશન મેરીનર-4ની 50મી વર્ષગાંઠ ઉજવી.
- કેન્દ્ર સરકારે ભારતની યાત્રાએ આવનાર વિદેશીઓના આગમન પર પર્યટન વિઝા સુવિધા સરળ બનાવવા માટે 43 દેશો માટે ઈલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથરાઈઝેશન સ્કીમ એટલે કે ઈ-વિઝાની શરૂઆત કરી. આ સુવિધા ઈટીએના અનુમોદનની તારીખથી 30 દિવસની અંદર ભારતમાં પ્રવેશની પરવાનગી આપશે અને ભારત આગમનની તિથિથી 30 દિવસ સુધીના સમય માટે માન્ય હશે. આ સુવિધા એક કેલેન્ડર વર્ષમાં બેથી વધુ વખત માટે નહિ આપવામાં આવે.
- કાઠમંડુમાં 18મુ સાર્ક શિખર સંમેલન પૂર્ણ થયું. આ સંમેલનમાં કાઠમંડુ ઘોષણા પત્ર રજુ કરવામાં આવ્યુ અને ઉર્જા સહયોગ સમજુતી પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. સંમેલન દરમ્યાન નેતાઓએ ઉર્જા સહયોગની સાર્ક ઉર્જા સહયોગ સમજુતી, સાર્ક ક્ષેત્રીય રેલવે સમજુતી અને સાર્ક મોટર વાહન સમજુતી પર હસ્તાક્ષર કર્યા. વર્ષ 2014ના શિખર સંમેલનનો વિષય 'શાંતિ અને સમૃદ્ધિ માટે સંયુક્ત થવું' (ડીપર ઈન્ટીગ્રેશન ફોર પીસ એન્ડ પ્રોસ્પેરીટી) હતો. તે પહેલાનું શિખર સંમેલન 2011માં માલદીવમાં યોજાયું હતું. 19મુ સાર્ક સંમેલન 2016માં ઈસ્લામાબાદમાં યોજાશે. સાર્ક દક્ષિણ એશિયાના આઠ દેશોનું આર્થિક અને રાજનૈતિક સંગઠન છે. તેની સ્થાપના 1985માં ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, નેપાળ, માલદીવ અને ભૂટાન દ્વારા કરવામાં આવી હતી. એપ્રિલ 2007માં સંઘના 14માં શિખર સંમેલનમાં અફઘાનિસ્તાન તેનો આઠમો સભ્ય દેશ બન્યો.
- સાર્કના આઠ સભ્ય દેશોએ એક ઉર્જા સમજુતી પર હસ્તાક્ષર કર્યા. ઉર્જા સમજુતીનો હેતુ સાર્ક દેશો દ્વારા ગ્રીડ કનેક્ટિવિટીના માધ્યમથી વિદ્યુત વેપાર સુનિશ્ચિત કરવા માટે ઉર્જા ક્ષેત્રમાં સહયોગ આપવાનો છે.

www.crackgpsc.com

- સચીન તેંદુલકરની છેલ્લી ટેસ્ટ મેચના એક ફોટાને વર્ષ 2013ની એમસીસી વિઝડન 'પિકચર ઓફ ધ યર' નો એવોર્ડ. જે વાનખેડે સ્ટેડિયમમાં પત્રકાર ફોટોગ્રાફર અતુલ કાંબલે દ્વારા લેવામાં આવેલ હતો.
- વડોદરાના મહિલા કૃષિ વૈજ્ઞાનિક પૂર્વી મહેતા ભટ્ટની માઈક્રોસોફ્ટના પૂર્વ ચેરપર્સન બિલ ગેટ્સે સિનિયર એડવાઈઝર તરીકે નિમણૂક કરી. ઉપરાંત મિલીન્ડા ગેટ્સ ફાઉન્ડેશનના પ્રોગ્રામ એગ્રીકલ્ચર ફોર સાઉથ એશિયા હેડ બનાવાયા. યુનાઈટેડ નેશનની લાઈવ સ્ટોક રિસર્ચ ઈન્સ્ટિ. માં એશિયા હેડ તરીકે ફરજ બજાવતા હતા, જે પદેથી રાજીનામું આપ્યું.
- જી.કે.વાસને તમિલ મનીલા કોંગ્રેસ પાર્ટીને પુનર્જીવિત કરી. જે તેમના પિતા જી.કે.મૂપનારે 1996માં રચી હતી અને 2002માં તેમના નિધન બાદ કોંગ્રેસમાં વિલય થયેલ.
- કોટક મહિન્દ્રા બેન્કનો પોતાની સબસિડિયરી કંપની સ્થાપીને જનરલ ઈન્સ્યોરન્સ ક્ષેત્રે પ્રવેશ.




- કર્ણાટકે પંજાબને હરાવીને સતત બીજી વાર વિજય હજારે ટ્રોફી જીતી.
- ઉત્તરપ્રદેશના 185 મી. ઊંચા ટાવરનો રેકોર્ડ તોડી પ.બંગાળમાં હલ્દિયા એનર્જી લિમિટેડ દ્વારા વિશ્વનું બીજા નંબરનુ સૌથી ઊંચું વીજ ટ્રાન્સમિશન ટાવર (236 મી) બનાવાયું. વિશ્વના સૌથી ઊંચાં વીજ ટ્રાન્સમિશન ટાવર ચીનના માઉન્ટ દામાઓશનમાં આવેલા છે.
- દિલ્લીની પાંચમા ધોરણમાં ભણતી અને ડિફેન્સ કોલોનીના સર્વન્ટ ક્વાર્ટરમાં રહેતી રશ્મિ નાયકને સ્વચ્છ ભારત સ્વચ્છ વિદ્યાલયની બ્રાન્ડ એમ્બેસેડર બનાવાઈ.
- કર્ણાટક સરકારે કેટલાક શહેરના નામ બદલાવ્યાં છે.

| જૂનું નામ | નવું નામ | જૂનું નામ | નવું નામ |
|---|---|---|---|
| બેંગલોર | બેંગલુરુ | મેંગલોર | મેંગલુરુ |
| મૈસૂર | મૈસૂરુ | બેલ્લારી | બલ્લારી |
| બેલગામ | બેલગાવી | હુબલી | હુબ્બલી |
| બીજાપુર | વિજયપુરા | ગુલબર્ગ | કાલાબૂરાગી |

- આચાર્ય તુલસી-મહાપ્રજ્ઞ વિચાર મંચ તરફથી વર્ષ 2013નું આચાર્ય તુલસી સમ્માન સ્થાનીય સમભાવ ગ્રૂપના સંસ્થાપક પત્રકાર સ્વ. ભૂપતભાઈ વડોદરિયાને આપવામાં આવ્યું.
- ગુજરાત મંત્રીમંડળમાં ખાતાં ફાળવણી :

| | | |
|---|---|---|
| જસાભાઈ બારડ | : | કૃષિ અને નાગરિક ઉડ્ડયન |
| વિજય રૂપાણી | : | વાહન વ્યવહાર, પાણી પુરવઠો અને શ્રમ રોજગાર |
| મંગુભાઈ પટેલ | : | આદિજાતિ વિકાસ અને વન પર્યાવરણ |
| પરષોતમ સોલંકી | : | પશુપાલન વિભાગ |




100 Most Imp questions in English




www.crackgpsc.com